પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ • અંક : ૧૫ • કુલ પાના : ૪ • તારીખ : ૦૭-૦૯-૨૦૨૩ ગુરૂવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## વૈશ્વિક અર્થવ્યવસ્થા સુસ્ત હોવા છતાં સર્વિસ ઈન્ડસ્ટ્રીઝ સારી રીતે ચાલી રહી છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી



નવીદિલ્હી,

ભૌગોલિક રાજકીય તણાવ, આબોહવા પરિવર્તન અને આર્થિક ઉથલપાથલથી ઘેરાયેલા આ મુશ્કેલીભર્યા સમયમાં આગળનો માર્ગ શું છે? દિલ્હીમાં જી ૨૦ સમિટની પૃષ્ઠભૂમિમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની મનીકંટ્રોલ સાથેની ખાસ મુલાકાત માત્ર જી ૨૦ ગ્રૂપમાં ભારતના વર્તમાન પ્રમુખપદ પૂરતી જ નથી, પરંતુ ભારત પ્રત્યેની તેમની દ્રષ્ટિ અને આપણું રાષ્ટ્ર વિશ્વને શું આપી શકે છે તે અંગેની તેમની વિચારસરણી પણ રજૂ કરે છે.

વડાપ્રધાને સ્વીકાર્યું કે આપણે એક નવા બહુધ્રુવીય વિશ્વ વ્યવસ્થામાં જીવીએ છીએ જ્યાં દરેક દેશ તેના પોતાના હિતોનું ધ્યાન રાખશે. તેમ છતાં તેમણે એ પણ ધ્યાન દોર્યું કે ભારતે ઘણા દેશોનો વિશ્વાસ મેળવ્યો છે, જે તમામ અમારી સાથે ભાગીદારી કરવા આતુર છે. વડાપ્રધાને જણાવ્યું હતું કે તેમની સરકારના વિકાસ અને આર્થિક સુધારા પર ધ્યાન કેન્દ્રિત કરવા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા પર એટલે કામ કરી શક્યા છીએ કારણ કે તેમનું એકમાત્ર ફોકસ તેના પર છે. જેણે સમૃદ્ધ ડિવિડન્ડ ચૂકવ્યું છે. આ પરિબળોએ ભારતને માત્ર તેની અર્થવ્યવસ્થાને મજબૂત કરવા માટે જ નહીં પરંતુ દેશને વિવિધ ક્ષેત્રોમાં વૈશ્વિક ઉકેલો આપવાની ક્ષમતા પણ આપી છે.

પરિણામો સ્પષ્ટ છે, ભારતમાં વિદેશી પ્રત્યક્ષ રોકાણ વર્ષ-દર વર્ષે રેકોર્ડ તોડી રહ્યું છે, વૈશ્વિક અર્થવ્યવસ્થા સુસ્ત હોવા છતાં સર્વિસ ઈન્ડસ્ટ્રીઝ સારી રીતે ચાલી રહી છે, કંપનીઓ મેક ઈન ઈન્ડિયા પહેલ હેઠળ ભારતને તેમનો પ્રોડક્શન આધાર બનાવવા માટે લાઈન બનાવી રહી છે અને મોબાઈલ મેન્યુફેક્ચરિંગમાં ખૂબ જ મોટી સફળતા જોવા મળી રહી છે. વડાપ્રધાને કહ્યું કે "પછી તે અવકાશ હોય કે વિજ્ઞાન, ટેક્નોલોજી હોય કે વેપાર, અર્થતંત્ર હોય કે ઈકોલોજી, ભારતની વિશ્વભરમાં પ્રશંસા કરવામાં આવી રહી છે." અવકાશમાં ભારતની તાજેતરની સિદ્ધિઓને પુનરાવર્તિત કરવાની જરૂર નથી, તે ગવર્નન્સ માટે ડિજિટલ ટેક્નોલોજીના જમાનામાં વિશ્વનું નેતૃત્વ કરી રહ્યું છે, અને તેની અર્થવ્યવસ્થાનો વિકાસ દર વિશ્વને ઈર્ષ્યા કરાવે તેવો છે. ત્યારે આશ્ચર્યની વાત નથી કે તમામ રાષ્ટ્રો સમજે છે કે કોઈપણ સંબંધમાં ભારત પાસે યોગદાન આપવા માટે ઘણું છે અને તેથી તેઓ રોકાણ કરવા અને ભારત સાથે ગાઢ સંબંધો વિકસાવવા માંગે છે.

જ્યારે બહુધ્રુવીય વિશ્વ એ ભારત માટે ગ્લોબલ વેલ્યુ ચેનને પોતાના કિનારા પર આકર્ષવાની તક છે, ત્યારે વડાપ્રધાને સમજદારીપૂર્વક ભાર મૂકતા કહ્યું કે તેવામાં દેશે સ્થિર નીતિઓ પ્રદાન કરવાની જરૂર છે જે વેપાર, ઉદ્યોગ અને નવીનતાને પ્રોત્સાહિત કરે.

ખાસ કરીને, બે ક્ષેત્રોમાં ભાવિ રોકાણ અને નવીનતા માટેની અપાર સંભાવનાઓ છે - ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ગ્રીન ઈકોનોમી, વડા પ્રધાને ધ્યાન દોર્યું હતું કે ભારતે પહેલેથી જ એ સુનિશ્ચિત કરવાનો તેનો ઉદ્દેશ્ય હાંસલ કરી લીધો છે કે આપણી ૪૦ ટકા ઉર્જા બિન-અશ્મિભૂત ઈંધણ સ્ત્રોતોમાંથી આવે, ભારતના સૌર ઊર્જા પ્લાન્ટની સ્થાપિત ક્ષમતા ૨૦ ગણી વધી છે અને પવન ઊર્જાનો ઉપયોગ કરવામાં ટોચના ૪ દેશોમાં આપણે સામેલ છીએ. ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં યુપીઆઈ ની વૃદ્ધિ આશ્ચર્યજનક રહી છે, જ્યારે સરકારી ઈ-માર્કેટપ્લેસે નાના અને મધ્યમ ઉદ્યોગોને સશક્ત કર્યા છે ઓએનડીસી મોટી આશા ધરાવે છે અને ડિજિટલ પ્લેટફોર્મ પર લેવલ પ્લેઈંગ ફિલ્ડ બનાવીને ઈ-કોમર્સમાં ક્રાંતિ લાવશે.

જોકે ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર મહત્ત્વનું છે તેનું બીજું એક કારણ છે, વડા પ્રધાને કહ્યું કે, "અમારા માટે ટેક્નોલોજી એ લોકોને સશક્ત કરવાનું, અગમ્ય લોકો સુધી પહોંચવાનું અને વિકાસ અને કલ્યાણને છેવાડા સુધી લઈ જવાનું એક માધ્યમ છે." હકીકત એ છે કે સામાજિક લાભો હવે ભ્રષ્ટ વચેટિયાઓ દ્વારા ખિસ્સામાં જવાને બદલે ગરીબો સુધી સીધા જ પહોંચે છે. જે વડાપ્રધાનની અપાર લોકપ્રિયતાનું એક કારણ છે તેવું પ્યુ રિસર્ચ દ્વારા તાજેતરના એક સર્વેક્ષણમાં પણ જાણવા મળ્યું હતું કે ૭૯ ટકા ભારતીયો નરેન્દ્ર મોદી વિશે અનુકૂળ વિચાર ધરાવે છે. પરંતુ તે માત્ર ગરીબોને લાભ આપવા વિશે નથી. વડા પ્રધાને એમ પણ કહ્યું હતું કે, "દરેક ક્ષેત્ર અને સમાજના દરેક વર્ગના લોકોમાં 'કરી શકે છે' ભાવના હતી. તેઓએ પડકારોનો સામનો ખૂબ જ કોઠાસૂઝ અને કૌશલ્ય સાથે કર્યો હતો. પ્રતિકૂળતા વચ્ચે પણ તેમની પાસે ખૂબ આત્મવિશ્વાસ હતો. તેમને ફક્ત એક પ્લેટફોર્મની જરૂર હતી. જેણે તેમને સશક્ત કર્યા."લોકોના સશક્તિકરણમાંની આ માન્યતા, અને તેમના પોતાના ભાગ્યને આકાર આપવાની તેમની ક્ષમતા, માત્ર કલ્યાણવાદથી એક મહત્વપૂર્ણ પરિવર્તન છે.

"સબકા સાથ, સબકા વિકાસ" અથવા બધા માટે વિકાસની માન્યતા ગ્લોબ સાઉથને પોતાનો અવાજ સંભળાવવાના પ્રયાસોમાં, આબોહવા પરિવર્તન પરની નીતિઓને ધિરાણ માટે વાટાઘાટ કરવા માટે, તેની ખાતરી કરવાના પ્રયાસમાં, ભારતને સમર્થન આપવા માટે પણ પ્રેરિત કરે છે. દેવું રાહત અને બહુપક્ષીય સંસ્થાઓના સુધારાના પ્રયાસમાં છે.

## G-20 સમિટમાં ભારત ભાગેડુઓ વિરુદ્ધ પગલાં લેવા માટે પ્રસ્તાવ લાવશે

નવીદિલ્હી,

જો ભારત જી ૨૦માં અન્ય દેશોના લીડર્સને એક કૉમન પ્લૅટફૉર્મ સ્થાપવા મનાવી લેશે અને એનો અમલ થશે તો પછી ભારતના ભાગેડુઓને તેમને ભારતમાં સોંપવાની વિરુદ્ધ તેમની કાયદાકીય લડાઈ લડવી મુશ્કેલ થઈ જશે. જે આર્થિક અપરાધીઓ તેમના દેશમાં કરચોરી કરીને ભાગી ગયા હોય તેમની પ્રૉપર્ટીઝને શોધવા માટે આ કૉમન પ્લૅટફૉર્મ હેઠળ રૂલ્સ બનાવી શકાય છે.

કેન્દ્ર સરકારના એક સિનિયર અધિકારીએ જણાવ્યું હતું કે 'અનુભવો એકબીજાને જણાવવા, અપરાધીને બીજા દેશમાં સોંપવાના સફળ કેસિસ તેમ જ કાયદાકીય સહાય માટે કૉમન પ્લૅટફૉર્મ ઊભું કરવું જોઈએ. અમને આશા છે કે જી ૨૦ મંચ આ મામલે કામગીરી શરૂ કરશે.' આ અધિકારી અનુસાર ભારત ભાગેડુ આર્થિક અપરાધીઓ વિરુદ્ધ પગલાં લેવા તેમ જ તેમની સંપત્તિને રિકવર કરવા માટે જી ૨૦માં નવ મુદ્દાના એજન્ડા માટે આગ્રહ કરશે. સરકારી ડેટા અનુસાર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટે ભાગેડુ આર્થિક અપરાધ કાયદા, ૨૦૧૮ હેઠળ ૧૯ લોકોની વિરુદ્ધ અરજી કરી છે; જેમાં વિજય માલ્યા, નીરવ મોદી, નીતિન જયંતીલાલ સાંડેસરા, ચેતન જયંતીલાલ સાંડેસરા, દીપ્તિ ચેતન જયંતીલાલ સાંડેસરા, હિતેશકુમાર નરેન્દ્રભાઈ પટેલ, જુનૈદ ઈકબાલ મેમણ, હજરા ઈકબાલ મેમણ, આસિફ ઈકબાલ મેમણ અને રામચન્દ્રન વિશ્વનાથનનો સમાવેશ થાય છે.

દરમિયાન ભારતની રાજધાની દિલ્હીમાં યોજાનારી બે દિવસીય જી ૨૦ સમિટની પૂર્વ તૈયારીઓ લગભગ હવે પૂર્ણ કરી લેવામાં આવી છે. આ સમિટ ૯ અને ૧૦ સપ્ટેમ્બરે યોજાનાર છે. એક તરફ આ જ સમિટને લઈને દિલ્હીમાં કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે તો બીજી તરફ એરપોર્ટથી લઈને હોટેલ માટેની તમામ સુરક્ષાઓ કરી લેવામાં આવી છે. આ સમિટમાં જો બાઈડન માટે મોંઘી હોટેલ બુક કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે આ કોન્ફરન્સમાં ભાગ લેવા માટે ૧૯ દેશોના વડાઓ, યુનિયન પ્રતિનિધિઓ અને અનેક દેશોમાંથી મહેમાનો ખાસ આવી રહ્યા છે. રાજધાની દિલ્હીમાં જી ૨૦ સમિટમાં ભાગ લેનાર મહેમાનો માટે ૨૫ ફાઈવ સ્ટાર હોટલ બુક કરવામાં આવી છે. સાથે જ આ હોટલોની સ્પેશિયલ થીમ પણ નક્કી કરવામાં આવી છે.

### યુએનએ મણિપુર હિંસા પર ટિપ્પણી કરી

## ઉત્તર-પૂર્વીય રાજ્યમાં જાતીય હિંસા, મકાનો તોડી પાડવા, અત્યાચાર માનવાધિકારનું ઉલ્લંઘન છે



નવીદિલ્હી,

કેન્દ્ર સરકારે મણિપુર અંગે સંયુક્ત રાષ્ટ્ર નિષ્ણાતોના નિવેદનોને ફગાવી દીધા છે. ભારતે કહ્યું કે મણિપુરમાં સંપૂર્ણ શાંતિ છે. યુએન નિષ્ણાતોના નિવેદનો સંપૂર્ણપણે ખોટા અને ભડકાઉ છે. વાસ્તવમાં યુએનના નિષ્ણાતોએ મણિપુર અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે ઉત્તર-પૂર્વીય રાજ્યમાં જાતીય હિંસા, મકાનો તોડી પાડવા, અત્યાચાર માનવાધિકારનું ઉલ્લંઘન છે. આ કેસમાં સ્પેશિયલ પ્રોસિજર મેન્ડેટ હોલ્ડર્સે એક સમાચાર જાહેર કર્યા હતા. તેનું નામ હતું 'ઈન્ડિયા: યુએન એક્સપર્ટ્સ એલર્મ્ડ બાય કન્ટીન્યુઈંગ એબ્યુઝ ઈન મણિપુર'.

બીજી તરફ, એડિટર્સ ગિલ્ડે મણિપુર સરકાર વતી તેના સભ્યો વિરુદ્ધ એફઆઈઆર નોંધવા પર પ્રતિક્રિયા આપી છે. સંસ્થાએ એક પત્ર જારી કરીને કહ્યું કે અમે રાજ્ય સરકારની આ કાર્યવાહીથી નારાજ છીએ. રાજ્યના સીએમ શ્રી એન બિરેન સિંહના ધાકધમકીભર્યા નિવેદનોથી અમે ચોંકી ગયા છીએ. પત્રકાર સંગઠનને રાષ્ટ્રવિરોધી ગણાવવું એ મુખ્યમંત્રી માટે ચિંતાજનક છે. અમે રાજ્ય સરકારને એફઆઈઆર પાછી ખેંચવા વિનંતી કરીએ છીએ.

એડિટર્સ ગિલ્ડે અમને કહ્યું કે ઘણા લોકોએ અમને, લોકો અને સેના બંનેને પત્ર લખ્યો છે કે મણિપુર કેસમાં મીડિયા પક્ષપાતી રીતે વર્તે છે. આ પછી અમે ત્રણ લોકોની ટીમને ગ્રાઉન્ડ પર મોકલી. ટીમે મણિપુરની મુલાકાત લીધી અને પત્રકારો, સામાજિક કાર્યકરો, આદિવાસીઓ, મહિલાઓ, સુરક્ષા દળો અને પીડિતો સાથે વાત કરી. જેના આધારે ૨ સપ્ટેમ્બરે રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો હતો. અમે ભૂલથી ફોટોનું કેપ્શન લખી દીધું હતું, જેના માટે અમે માફી પણ માંગી હતી.

માનવ અધિકાર માટેના હાઈ કમિશનર, વિશેષ કાર્યવાહી શાખાએ સોમવાર ૪ સપ્ટેમ્બરે એક નોંધ મૌખિક જારી કરી હતી. તેમણે કહ્યું- મણિપુરમાં સ્થિતિ શાંતિપૂર્ણ છે. મણિપુરમાં શાંતિ સ્થાપવા માટે સરકાર જરૂરી પગલાં લઈ રહી છે. સરકાર માનવ અધિકારોના રક્ષણ માટે તમામ કામ કરી રહી છે.

ભારતના કાયમી મિશને યુએન નિષ્ણાતોની પ્રેસ રિલીઝને નકારી કાઢી છે અને તેને ખોટી અને ભડકાઉ ગણાવી છે. મિશને જિનીવામાં યુએન ઓફિસ અને અન્ય સંસ્થાઓને જણાવ્યું હતું કે નિષ્ણાતોના નિવેદનો ભારત સરકારના પ્રયાસો વિશે તેમની માહિતીનો અભાવ દર્શાવે છે. યુએન ઓફિસે મણિપુર હિંસા પર ૨૯ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ ભારત સરકારને સંયુક્ત સંદેશાવ્યવહાર જારી કર્યો હતો. સ્થાયી મિશનએ કહ્યું- અમને દુ:ખ અને આશ્ચર્ય છે કે સંયુક્ત સંચાર પછી, જીઁસ્ઉઁ એ ભારત સરકારને જવાબ આપવા માટે ૬૦ દિવસનો સમય પણ આપ્યો નથી. તેમણે આ પ્રેસ રિલીઝ પહેલા જ બહાર પાડી છે.

મિશનએ એસપીએમએચને ભવિષ્યમાં તથ્યો પર આધારિત અહેવાલો સબમિટ કરવા અને કાઉન્સિલ સાથે કોઈ સુસંગતતા ન હોય તેવી બાબતો ન લખવાની સલાહ આપી. મિશનએ રિપોર્ટ જાહેર કરતા પહેલા સરકારના ઈનપુટની રાહ જોવાની પણ સલાહ આપી હતી. મિશને કહ્યું- ભારત એક લોકશાહી દેશ છે. અમારો કાયદો અને સરકાર લોકોની સુરક્ષા માટે છે. ભારતીય કાયદા અને સુરક્ષા દળો કોઈપણ પ્રકારનો ભેદભાવ કરતા નથી. યુએનના નિષ્ણાતોએ 'ગંભીર માનવ અધિકાર ઉલ્લંઘન અને દુરુપયોગ' નામની પ્રેસ રિલીઝ આપી હતી. તેમણે મણિપુરમાં મહિલાઓ પર થતી હિંસા પર ચિંતા વ્યક્ત કરી છે. પ્રેસ રિલીઝમાં, યુએન નિષ્ણાતોએ કહ્યું - મણિપુર હિંસાના ફોટા અને અહેવાલો દર્શાવે છે કે હિંસામાં મહિલાઓ અને છોકરીઓને નિશાન બનાવવામાં આવી હતી. જેમાં ખાસ કરીને કુકી જ્ઞાતિની મહિલાઓને નિશાન બનાવવામાં આવી છે. મણિપુરની હિંસામાં સામૂહિક બળાત્કાર, મહિલાઓને નગ્ન થઈને રસ્તા પર કૂચ કરવી, માર મારવો, લોકોને જીવતા સળગાવવાનો સમાવેશ થાય છે. નિષ્ણાતોએ કહ્યું- મે ૨૦૨૩ની હિંદુ મીતેઈ અને ખ્રિસ્તી કુકી સમુદાયો વચ્ચેની લડાઈ દર્શાવે છે કે મણિપુરમાં માનવતાનો અભાવ છે.

મણિપુર હિંસામાં અત્યાર સુધીમાં ૧૬૦ થી વધુ લોકોના મોત થયા છે, જેમાં ૩-૫ મે વચ્ચે ૫૯, ૨૭ અને ૨૯ અને ૯ મે વચ્ચે ૧૩ જૂનના રોજ ૨૮ લોકોનો સમાવેશ થાય છે. ૧૬ જુલાઈથી ૨૭ જુલાઈ સુધી કોઈ હિંસા થઈ નથી.

## દાહોદ નગરપાલિકાના ચીફ ઓફિસર પર થયેલા હુમલાના વિરોધમાં ગુજરાતની તમામ પાલિકાના ચીફ ઓફિસર માસ સીએલ પર ઉતર્યા, હુમલાખોરની કરાઈ ધરપકડ

દાહોદ,

આજે ગુજરાતની તમામ પાલિકાના ચીફ ઓફિસર માસ સીએલ પર ઉતરી ગયા છે. દાહોદ નગરપાલિકાના પ્રમુખના પતિએ ચીફ ઓફિસર પર હુમલો કર્યાનો આરોપ છે. ત્યારે આ તમામ ચીફ ઓફિસર દાહોદ નગરપાલિકાના ચીફ ઓફિસર પર થયેલા હુમલાનો વિરોધ દર્શાવશે. નગરપલિકાના ચીફ ઓફિસર માસ સીએલ પર જતા કામકાજ અટકી જશે. તમામ નગરપાલિકાના વહીવટી અધિકારીઓ અને કર્મચારીઓ પણ રજા પર ઉતરી ગયા છે.

મહત્વનું છે કે દાહોદ નગરપાલિકાના ચીફ ઓફિસર પર હુમલો થતા પાલિકાના કર્મચારીઓમાં ઉગ્ર રોષ ફેલાયો છે. પાલિકા પ્રમુખ રીના પંચાલના પતિ ધમુ પંચાલે ચીફ ઓફિસર યશપાલસિંહ વાઘેલાને માર માર્યાનો આરોપ છે. ગઈકાલે દાહોદ અને દેવગઢબારીઆ પાલિકાના કર્મીઓ કામથી અડગા રહ્યા હતા. વારંવાર સરકારી કર્મીઓ ઉપર હુમલા થતા પાલિકાના કર્મચારીઓમાં રોષે ભરાયા છે.ભૂગર્ભ ગટરની વિઝીટને લઈને બન્ને વચ્ચે મારામારી થઈ હતી. જે પછી ચીફ ઓફિસરે બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. બાદમાં પોલીસે સરકારી ફરજમાં રૂકાવટ અને જાનથી મારી નાખવાની ધમકી અંગે ગુનો નોંધ્યો હતો.

આ સમગ્ર ઘટનાના પડઘા સમગ્ર ગુજરાતમાં પડ્યા છે. ગઈકાલે દાહોદ અને દેવગઢબારિયામાં પાલિકાના કર્મચારીઓ વિરોધ દર્શાવ્યા બાદ આજે સમગ્ર ગુજરાતના પાલિકાના કર્મચારીઓ કામકાજથી અળગા રહીને વિરોધ દર્શાવશે. બીજી તરફ દાહોદ નગરપાલિકા પ્રમુખના પતિની ધરપકડ કરવામાં આવી છે. દાહોદ બી ડિવિઝન પોલીસે વહેલી સવારે જ તેની ધરપકડ કરી છે. બે દિવસ અગાઉ પ્રમુખના પતિએ ચીફ ઓફિસરને માર માર્યો હોવાના આરોપસર તેની ધરપકડ કરવામાં આવી છે.

## ગાંધીનગરમાં ફિક્સ-પે અંગે કર્મચારીઓનો અનોખો વિરોધ, શોષણની મટકી ફોડી



ગાંધીનગર,

તહેવાર પહેલા સરકારી કર્મચારીઓ દ્વારા ફિક્સ પેના કર્મચારીઓ દ્વારા ગાંધીનગર ખાતે અનોખો વિરોધ કરવામાં આવ્યો. રાજ્યમાં ફિક્સ પગારમાં કામ કરતાં હજારો કર્મચારીઓ દ્વારા જન્માષ્ટમી પહેલા શોષણની મટકી ફોડી અનોખો વિરોધ કરવામાં આવ્યો.. ફિક્સ પગાર, કોન્ટ્રાક્ટ પ્રથા અને આઉટ સોર્સિંગની પ્રથા નાબૂદ કરવા માટે કર્મચારીઓએ વિરોધ કર્યો હતો. જન્માષ્ટમી પહેલા શોષણની મટકી ફોડી અનોખો વિરોધ કરવામાં આવ્યો હતો. રાજ્યમાં ફિક્સ કર્મચારીઓ દ્વારા ચાલી રહેલા કાર્યક્રમોએ સરકારને ફિક્સ પે મુદ્દે બોલવા બાબતે મજબૂર કર્યા છે. સરકાર ફિક્સ પે બાબતે નિર્ણય લે તે માટે ફિક્સ પેના કર્મચારીઓ દ્વારા દિવાળી સુધી અલગ અલગ કાર્યક્રમની જાહેરાત કરી વિરોધ સાથે કાર્યક્રમો નક્કી કરવામાં આવ્યા છે. રાજ્યમાં ૪૦થી વધુ કર્મચારીઓ મંડળ છે તેમના થકી પણ રજૂઆત કરવામાં આવી છે. રાજ્યના ફિક્સ પે કર્મચારીઓ દ્વારા દિવાળી સુધી અલગ અલગ કાર્યક્રમની રૂપરેખા નક્કી કરવામાં આવી છે. અત્યાર સુધીમાં જેટલા પણ પ્રશ્નો આવ્યા છે તેવા પ્રશ્નોને ઉકેલી દીધા છે. જ્યારે ફિક્સ પે બાબતે એક બેઝ અને પ્લેટફોર્મ તૈયાર થાય કે ક્યારથી આ પ્રશ્ન પડતર છે કેટલા વખતથી પ્રશ્ન છે, તેના માટેના નીતિ નિયમો નક્કી કરવા પડે જેથી જ્યારે આ પ્રશ્ન આવશે ત્યારે ચર્ચા કરવામાં આવશે.

## વડાપ્રધાન મોદીની મંત્રીઓને કડક સૂચના: સનાતન મુદ્દે આપો જડબાતોડ જવાબ, ભારત-ઈન્ડિયા વિવાદ પર બોલવાથી બચો

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એનડીએના મંત્રીઓને કહ્યું કે, સનાતન ધર્મ પર ઉદયનિધિના નિવેદનનો યોગ્ય જવાબ આપવામાં આવે. આ સાથે મોદીએ મંત્રીઓને ઈન્ડિયા વિરૂધ્ધ ભારત વિવાદમાં નિવેદનબાજી ન કરવા કહ્યું છે.મોદીની ટિપ્પણીથી સ્પષ્ટ છે કે, ભાજપ સનાતન ધર્મ પર ઉધયનિધિના નિવેદનને મોટો મુદ્દો બનાવવાના મૂડમાં છે.

ઈન્ડિયાનું નામ ભારતં થવા જઈ રહ્યું છે તેવી અટકળો સામે આવી રહી છે. જોકે તેને લઈને અધિકૃત રીતે કંઈ પણ નિવેદન આપવામાં આવ્યું નથી. સંસદના આગામી ખાસ સત્ર વખતે સરકાર સંવિધાન સંશોધન કલમ રજુ કરી શકે છે. ખબર છે કે જો સરકાર આ પગલું ભરે છે તો ભારે ખર્ચ ઉઠાવો પડી શકે છે. જી-૨૦ પહેલા દેશમાં દેશના નામને લઈને રાજકીય ધમાસાન શરૂ થઈ ગયું છે. આ સંપૂર્ણ વિવાદની શરૂઆત રાષ્ટ્રપતિ ભવનથી આવેલા આમંત્રણ પત્રાથી થઈ, જેમાં પ્રેસિડેન્ટ ઓફ ઈન્ડિયાની જગ્યા પર પ્રેસિડેન્ટ ઓફ ભારત લખેલું હતું.

કોઈ મતલબ વગર ની મીટીંગો કરીને દેશ ને દેવાદાર કરી નાખ્યું છે કોઈ વખત મોંઘવારી પર કે રોજગાર પર કે નોકરીઓ પર પેટ્રોલ ડીઝલ તેલ ગેસ ?સિલેડર ના ભાવ પર કે રોડ રસ્તા ની કે સફાઈની ઈસ્ટેટ લાઈટો ની કે જનતાની સુવિધાઓ માટે ચર્ચા કરવામાં નથી આવતી મતલબ વગર ની મીટીંગો મતલબ વગર ની ચર્ચા ઓ કરવામાં આવે છે જનતા ને કોઈ નફરતી ભાષણો સાંભળવા નો કોઈ મતલબ નથી જનતાને તમારી રાજનીતિ થી કોઈ મતલબ નથી જનતાને તમે જે વાયદા વચનો આપી ને વોટ લીધાં છે એની વાત કરો બે કરોડ નોકરી ઓ નથી ધંધા નથી પેટ્રોલ ડીઝલ તેલ ગેસ ?સિલેડર ના ભાવ વધારો આસમાને છે ભષ્ટ્રાચાર ગામેગામ છે ગરીબ પરીવાર ના લોકો મરી જાય છે કોઈ વિકાસ કર્યો નથી જનતા ને ઉલુ બનાવે છે.

**જાહેર હરાજી**

મોજે ઝાબ(વાવ) પ્રા.શાળા તા.ઘોઘંબા, જી.પંચમહાલ (૧) સીમેન્ટના પતરાવાળો ઓરડો, (૧) ધાબાવાળો ઓરડો કુલ–૨ રૂમના કાટમાળની જાહેર હરાજી તા.૧૨/૦૯/૨૦૨૩ ને મંગળવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે રાખવામાં આવેલ છે. તો હરાજીમાં રસ ધરાવતા ઈસમોએ હાજર રહેવા વિનંતી. જાહેર હરાજીના નિયમો સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે. તેમજ જાહેર હરાજીની બોલી મંજુર રાખવી કે ન રાખવી તેની સત્તા એસ.એમ.સી. ની રહેશે.

સ્થળ : ઝાબ(વાવ) પ્રા.શાળા, તા.ઘોઘંબા, જી.પંચમહાલ

લી. SMC ઝાબ(વાવ) પ્રા.શાળા, તા.ઘોઘંબા

## ખેતરની ફરતે તાર ફેન્સીંગ સહાયનો નિયમ બદલાયો

ગાંધીનગર,

ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોના હિતમાં મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયને પગલે રાજ્યભરના લાભો ખેડૂતોને તેનો લાભ મળી શકશે. હવે ખેતરોમાં ઉભા પાકને તહેસનહેસ કરતા પ્રાણીઓને અંકુશમાં રાખી શકાશે. હવે આવા પ્રાણીઓથી પાકને બચાવવા પાકનું અને છોડવાઓનું રક્ષણ કરવા માટે ગુજરાત સરકારે લીધો છે મોટો નિર્ણય. પાક રક્ષણ માટે ખેતર ફરતે તાર ફેનસિંગ બનાવવાની કૃષિ વિભાગની યોજના ના નિયમોમાં બદલાવ કરવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છેકે, ખેતરની ફરતે ફેન્સીંગ કરવાના નિયમોમાં બદલાવ થવાથી ખેડૂતોને મોટો લાભ મળશે. આ યોજનાનો લાભ લેવા માટે જમીન હેકટરની મહત્તમ મર્યાદામા ઘટાડો કરવામાં આવ્યો છે. ખેડૂતો માટે ખુશખબર. ૫ હેકટરના બદલે હવે ૨ હેકટર વિસ્તાર માટે પણ કંટાળા તાર ફેનસિંગ યોજનાનો લાભ લઈ શકાશે. પહેલા ઓછા માં ઓછા ૫ હેકટર વિસ્તારમા કંટાળા તાર ફેનસિંગ માટેની મજૂરી મળતી હતી. યોજનમા ફેરફાર બાદ હવે મહત્તમ બે હેકટર વિસ્તાર માટે પણ યોજનાનો લાભ લઈ શકાશે. સીમાંત અને નાના ખેડૂતોને ધ્યાને રાખીને યોજનાની હેકટર મર્યાદા ઓછી કરવામાં આવી છે. ૩૫૦ કરોડ રૂપિયા નવી બાબત તરીકે યોજના માટેની બજેટની ફાળવણી પણ કરવામાં આવી છે.

ગુજરાત સરકાર ખેડૂતલક્ષી યોજનાઓ વારંવાર લાવતી રહી છે. આ કાંટાળી તારની વાડ બનાવવાની યોજના ની વાત કરીએ તો આ યોજના તારીખ: ૨૦/૦૫/૨૦૦૫ થી અમલમાં છે. આ યોજનાને વધુ અસરકારક અને ઉપયોગી બનાવવા માટે તેમાં સુધારા વધારા કરી ક્લસ્ટર આધારીત યોજનાનો ઠરાવ કરેલ છે.

આ યોજનાનો પ્રારંભ ગુજરાત રાજ્યના નર્મદા વિકાસ રાજ્યમંત્રી યોગેશ પટેલના હસ્તે કરાયો હતો. ત્યારે આ યોજનામાં ટોટલ ૨૫૦ કરોડની ફાળવણી કરેલ હતી. આટલી ફાળવણીમાં સરકારની માહિતી મુજબ ૨૦૧૫ સુધીમાં માત્ર ૩૦ કરોડની ફાળવણી કરવામાં આવેલી અને તેમાં ૧૩૧૬૦ ખેડૂતોએ આ યોજનાનો લાભ લીધેલો. જ્યારે આ યોજના બહાર પાડવામાં આવેલી ત્યારે ૨૦૧૭ સુધીમાં માત્ર આ યોજના માટે ૨૫૦ કરોડ રૂપિયા ફાળવેલા હતા.

ખેડૂતના મહામૂલા પાકને રોઝ અને ભૂંડના ત્રાસથી બચાવવા માટે સરકારશ્રી દ્વારા આ યોજના જાહેર કરવામાં આવી છે. આ યોજના જંગલના વન્ય પ્રાણી અને પશુઓ દ્વારા ખેડૂતોના ઊભા પાકને નુકશાન થતું અટકાવવામાં મદદરૂપ થશે.

## રાહુલ ગાંધી યુરોપના પ્રવાસે રવાના : ૫ દિવસમાં ૪ દેશોની મુલાકાત લેશે

નવીદિલ્હી,

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી મંગળવારે મોડી રાત્રે યુરોપના પ્રવાસે રવાના થયા હતા. તે ૬ સપ્ટેમ્બરથી ૧૦ સપ્ટેમ્બર (૫ દિવસ) દરમિયાન ૪ યુરોપિયન દેશો- ફ્રાન્સ, બેલ્જિયમ, નેધરલેન્ડ અને નોર્વેની મુલાકાત લેશે. આ દરમિયાન રાહુલ ગાંધી યુરોપિયન યુનિયનના સભ્યો, ભારતીય સમુદાયના લોકો અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરશે.

રાહુલ ગાંધીની આ મુલાકાત એવા સમયે થઈ રહી છે જ્યારે દેશની રાજધાની દિલ્હીમાં જી ૨૦ સમિટ યોજાઈ રહી છે. તેમજ ભારત જોડો યાત્રાને એક વર્ષ પૂર્ણ થવા પર અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તેઓ આ કાર્યક્રમોમાં ભાગ લેશે નહીં. રાહુલ ગાંધીએ ગયા વર્ષે એટલે કે ૭ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ કન્યાકુમારીથી ભારત જોડો યાત્રા શરૂ કરી હતી. તે ૧૨ રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં લગભગ ૪,૦૦૦ કિલોમીટરની યાત્રા કર્યા પછી ૩૦ જાન્યુઆરીએ શ્રીનગરમાં સમાપ્ત થઈ હતી. રિપોર્ટ્સ અનુસાર, ૭ સપ્ટેમ્બરે ગાંધી બેલ્જિયમની રાજધાની બ્રસેલ્સમાં યુરોપિયન યુનિયનના સભ્યોને મળશે. તે હેગમાં પણ આવી જ બેઠક યોજશે. તેઓ યુરોપિયન સંસદની માનવાધિકારની સબકમિટીના અધ્યક્ષ ઉડો બુલમેન સાથે પણ મુલાકાત કરશે. ૮ સપ્ટેમ્બરે તેઓ ફ્રાન્સની રાજધાની પેરિસમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને સંબોધન કરશે. ૯ સપ્ટેમ્બરે પેરિસમાં ફ્રેન્ચ લેબર યુનિયનની બેઠકમાં પણ ભાગ લેશે. ૧૦ સપ્ટેમ્બરે ગાંધી નોર્વેની રાજધાની ઓસ્લોમાં ભારતીય સમુદાયના લોકોને સંબોધન કરશે. વિદેશ મંત્રી વિપક્ષના નેતા અને પૂર્વ વડાપ્રધાન એર્ના સોલબર્ગ સાથે મુલાકાત કરશે. આ સિવાય તેઓ સાંસદો અને બિઝનેસ લીડર્સ સાથે પણ બેઠક કરશે.

રાહુલ ગાંધી આ પહેલા ૩૧ મેના રોજ અમેરિકા ગયા હતા. ૧૦ દિવસની મુલાકાતમાં, તેમણે ભારતમાં લોકશાહી, સુરક્ષા અને રાજકારણના મુદ્દા પર વોશિંગ્ટન, ન્યૂયોર્ક, સાન ફ્રાન્સિસ્કોમાં એનઆરઆઈને સંબોધન કર્યું હતું.

સાન ફ્રાન્સિસ્કોમાં ભારતીયો વચ્ચેના ભાષણ દરમિયાન, કેટલાક ખાલિસ્તાન સમર્થકોએ ભારત વિરોધી, કોંગ્રેસ વિરોધી અને ઈન્દિરા ગાંધી વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા અને ખાલિસ્તાનનો ઝંડો લહેરાવ્યો હતો. રાહુલે લાંબા સમય સુધી પોતાનું ભાષણ અટકાવવું પડ્યું. બાદમાં આ ખાલિસ્તાન સમર્થકોને પોલીસે બહાર કાઢી મુક્યા હતા.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# બાલાસિનોર પત્રકાર એશોસિયન દ્વારા ના.કલેક્ટરને આવેદન પત્ર આપવામાં આવ્યું



બાલાસિનોર,

બાલાસિનોર તાલુકાના ડોડીયા ગામના તલાટી સરકારી કામો કરાવવા આવતા અરજદારો પાસેથી રૂપિયા આપે તોજ કામ કરવાની વ્યાપક ફરીયાદો ઉઠી હતી. જેમાં ગ્રામજનોનો અવાજ તંત્ર સુધી પહોચાડવા પત્રકારોનો સંપર્ક કર્યો હતો અને ગ્રામજનોની સમસ્યાને વાચા આપતો લેખ પ્રકાશિત કરવામાં આવ્યો હતો. જે બાબતે તલાટી ભુરસિંહ તલાટી દ્વારા પોતે સ્વચ્છ છબી ધરાવતા હોય તેમ વકીલ દ્વારા નોટીસ આપતા સમગ્ર પત્રકાર સઘઠન એકત્ર થઈ મુખ્યમંત્રી સહિત તમામ ઉચ્ચ અધિકારીઓને આવેદન પત્ર આપવાનું નક્કી કર્યું હતું.

બાલાસિનોર પત્રકાર એશોસિયનના પ્રમુખ કૃણાલભાઈ ભાવસારની આગેવાનીમાં નાયબ કલેકટર, મામલતદાર સહિત તાલુકા વિકાસ અધિકારી અને બાલાસિનોર પોલીસ ઈન્સ્પેક્ટરને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. જેમાં જણાવવામાં આવ્યું હતું કે, બાલાસિનોર તાલુકામાં આવેલી ડોડીયા-સિમડિયા ગ્રામ પંચાયતના રહેવાસીઓ પાસેથી ડોડીયા ગ્રામ પંચાયતના તલાટી ભૂરસિંહ કિરણસિંહ ઠાકોર દ્વારા ગ્રામ પંચાયતમાં સરકારી કામ તેમજ સરકારી લાભ લેવા માટે આવતા અરજદારો પાસેથી રૂપિયાની માંગણી કરી રૂપિયા આપે તોજ કામ કરવાનું નહી તો અરજદારોને ધક્કા ખવડાવતા ડોડીયા-સિમડીયા ગ્રામ પંચાયતના રહીશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. જે બાબતે સમગ્ર ઘટના તંત્ર સુધી પહોચે અને આવા ભ્રષ્ટાચારી તલાટી સામે પગલાં લેવામાં આવે તે હેતુ બાલાસિનોર તાલુકાના ગુજરાતની અસ્મિતા અખબારના પત્રકાર રાજેન્દ્રભાઈ પટેલ અને પંચમહાલ સમાચાર અખબારના પત્રકાર ભૌમિકભાઈ પટેલનો સંપર્ક કરી લેખિત અને વિડિયો મારફતે ગ્રામજનોએ તલાટી ભુરસિંહ ઠાકોરની કામ કરવાની પદ્ધતિ જણાવી હતી. જે બાબતે અમોએ ૫ ઓગષ્ટ નારોજ અહેવાલ પ્રસિદ્ધ કર્યો હતો. જે બાબતે ભુરસિંહ ઠાકોરના વિદ્વાન વકીલ રજનીકાંત સી. શર્મા દ્વારા પત્રકાર રાજેન્દ્રભાઈ પટેલ અને ભૌમિભાઈ પટેલને સમગ્ર અહેવાલ પ્રસિદ્ધ ખોટો કરાયો છે અને જે બદલ તલાટી ભૂરસિંહ ઠાકોરની સમાજમાં ખૂબ પ્રતિષ્ઠાને ખેદ પહોચતા રૂપિયા ૫૦ લાખનો દાવો કરવાની અરજી આપતા સમગ્ર બાબતે ભારત દેશની ચોથી જાગીર ગણાતા પત્રકારોને પ્રજાની સમસ્યાઓને વાચા આપવા માટે દબાવવા માટેનો પ્રયાસ કરવા આવતો હોવાની સાજીસ કરાઈ રહી છે. જેથી આપને નમ્ર વિનંતી છે કે ડોડીયા-સિમડિયા ગ્રામજનોની સત્વરે મુલાકાત લઈ ભૂરસિંહ ઠાકોર સામે ખાતાકીય તપાસ કરી યોગ્ય પગલાં ભરવા આમરી માંગણી અને લાગણી છે. સાથે આગામી સમયમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો મુલાકાત સમય લઈને રૂબરૂ મળવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

# રાજયકક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક મેળવતા નરસીંગપુર મુખ્ય પ્રાથમિક શાળાનાં શિક્ષક



સંતરામપુર,

મહીસાગર જિલ્લાની સંતરામપુર તાલુકાની પાદરી ફળિયા પગાર કેન્દ્રની મને ગમતી શાળા નરસીંગપુર મુખ્ય પ્રાથમિક શાળાના શિક્ષકને પાંચમી સપ્ટેમ્બર શિક્ષક દિવસે રાજયકક્ષા શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિકથી સન્માનિત કરવામાં આવ્યા.

મને ગમતી શાળા નરસીંગપુર મુખ્ય પ્રાથમિક શાળાના શિક્ષક રમેશકુમાર બદામીલાલ ચૌહાણ કે જેઓ "કરવું તો શ્રેષ્ઠ જ કરવું" જીવનસૂત્રના આધારે પોતાની શાળામાં બાળકો સાથે અસરકારક શૈક્ષણિક કાર્ય કરી રહ્યા છે. જેમણે પોતાની શિક્ષક તરીકેની ૨૨ વર્ષની કારકિર્દીમાં બાળકો સાથે રહીને રમકડા મેળો-રાષ્ટ્ર કક્ષા, એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલ-રાજ્ય કક્ષા, ગણિત વિજ્ઞાન પર્યાવરણ પ્રદર્શન-રાજ્ય કક્ષા વિવિધ શૈક્ષણિક અભ્યાસિક અને સહ અભ્યાસિક પ્રવૃત્તિઓનું અસરકારક અમલીકરણ, બાળ સંચાલિત વિવિધતા સભર પ્રાર્થના સંમેલન, શાળા કક્ષાએ બાળકોનો શબ્દ ભંડોળ વિકસે તે હેતુથી શરૂ કરેલ "આજનો શબ્દ" પ્રોજેક્ટ વિવિધ નૈતિક અને મૂલ્યલક્ષી પ્રોજેક્ટ જેવા કે ખોયા પાયા, અક્ષયપાત્ર, અક્ષય દ્રવ્ય, ચબૂતરો હાલમાં શાળામાં કાર્યરત છે. અન્ય સામાજિક સેવાઓમાં તેમણે બાવીસ વખત રક્તદાન કરી માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડેલ છે. અને ફાટેલા હોઠ અને ફાટેલા તાળવાવાળા અંદાજિત ૭૦ જેટલા બાળકોના વડોદરા જીવન અક્ષય ચેરીટેબલ ટ્રસ્ટ મારફતે નિશુલ્ક ઓપરેશન કરાવી, આવા બાળકોના ચહેરા પર હાસ્ય લાવવાનું કાર્ય પણ કરેલ છે. શાળા કક્ષાએ તેમને ક્યુ આર કોડ આધારિત પેપરલેસ ડિજિટલ ડોક્યુમેન્ટરી અને અહેવાલ તથા શાળાની યુટયુબ ચેનલ અને શાળાનો બ્લોગ પણ બનાવેલ છે. તેઓની આ કામગીરીને ધ્યાને લઈને ક્રમશઃ તાલુકા કક્ષા શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક, જિલ્લા કક્ષા શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક, વિશ્વ વંદનીય સંત શ્રી મોરારીબાપુના હસ્તે ચિત્રકૂટ પારિતોષિક, પૂર્વ રાષ્ટ્રપતિ મહામહિમ રામનાથ કોવિંદના હસ્તે અચલ શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક પ્રાપ્ત થયેલ છે. આઈ.આઈ.એમ. અમદાવાદ અને સાર્થ ટુ ઓનલાઈન તાલીમમાં સમાવેશી શિક્ષણ અંતર્ગત એમના કેસ સ્ટડીનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. ઉપરોક્ત તમામ શૈક્ષણિક, સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓને ધ્યાને લઈ ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ દ્વારા જિલ્લા કક્ષાએ રૂબરૂ મુલાકાત, રાજ્ય કક્ષા રૂબરૂ મુલાકાત, શાળા રૂબરૂ મુલાકાત જેવા વિવિધ તબક્કાઓમાંથી પસાર થઈ સફળતા મેળવી પાંચમી સપ્ટેમ્બર શિક્ષક દિનના રોજ વિદ્યા સમીક્ષા કેન્દ્ર ગાંધીનગર ખાતે સન્માનનીય રાજયપાલ મહામહિમ આચાર્ય દેવવ્રતજી, ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, કેબિનેટ કક્ષાના માનનીય શિક્ષણમંત્રી કુબેરભાઈ ડીંડોર, રાજયકક્ષા શિક્ષણમંત્રી પ્રફુલભાઈ પાનસેરીયા તથા શિક્ષણ નિયામક એમ.આઈ. જોશીના વરદ હસ્તે શાલ, પ્રશસ્તિપત્ર, શિલ્ડ અને પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા. રમેશકુમાર બદામીલાલને આ સન્માન મળતા શાળા પરિવાર નરસીંગપુર, ગામનાં સરપંચ, વ્હાલા બાળકો, શાળા વ્યવસ્થાપન સમિતિ, સી.આર.સી. પાદરી ફળિયા, બીઆરસી સંતરામપુર, જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ મહીસાગર તથા સમગ્ર મોચી સમાજ સંતરામપુર ખૂબ ખૂબ શુભેચ્છા સહ અભિનંદન પાઠવે છે.

# સંતરામપુર આર્ટસ એન્ડ કોર્મસ કોલેજ ખાતે જન્માષ્ટમી પર્વની ઉજવણી કરાઈ




સંતરામપુર,

આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુરમાં એન.એસ.એસ યુનિટ, વિદ્યાર્થી યુનિયન,અને એન.સી.સી યુનિટના સયુંકત ઉપક્રમે કોલેજના આચાર્ય ડો.અભય પરમારના માર્ગદર્શન હેઠળ ભગવાન કૃષ્ણનો જન્મદિવસ એટલે "જન્માષ્ટમી પર્વ" અંતર્ગત મટકીફોડ કાર્યક્રમની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમમાં તમામ સ્ટાફ, અને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડો.શંકર પ્રજાપતિ અને પ્રો. નિતીન પંડ્યા દ્વારા ભગવાન કૃષ્ણની ગાથા વિદ્યાર્થીઓને સંભળાવવામાં આવી હતી. ત્યારબાદ મટકીફોડ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જેમાં તમામ સ્ટાફ અને વિદ્યાર્થીઓએ મટકીફોડ ટીમને પ્રોત્સાહન આપ્યું હતું. અંતે ટીમલી ડાન્સ કરી કાર્યક્રમ સમાપન કરવામાં આવ્યો.

# લુણાવાડા કરણ બારીયાના મુવાડા ગામે સ્ટેટ મોનીટરીંગ સેલે ડાઘુ બની જુગારધામ પર રેડ કરી ૩૪ જુગારીયાઓને ઝડપ્યા

મલેકપુર,

લુણાવાડા તાલુકાના કરણ બારીયાના મુવાડા ગામ પાસે સ્ટેટ મોનીટરીંગ સેલે ડાઘુઓના વેશમાં કુખ્યાત બુટલેગર નાસીરના જુગારના અડ્ડા પર રેડ કરી પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના ભાજપના એક નેતા સહિત ૩૪ જુગારીયાઓને સ્થળ પર ઝડપી પાડ્યા હતા. જયારે ૬૦ ફરાર થઈ જવામાં સફળ રહ્યા હતી. એસએમસીએ કુલ રૂ.૩.૪૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર કરણ બારીયાના મુવાડા ગામ પાસે વેશપલટો કરીને સ્મશાનયાત્રામાં આવ્યા હોય તેવો ડાઘુઓનો વેશ ધારણ કરીને વીજીલન્સના પોલીસ કર્મચારીઓએ પીકઅપ ડાલામાં આવીને કુખ્યાત બુટલેગર નાસીરના જુગારના અડ્ડા પર રેડ કરી હતી. રેડ થતાં જુગારીયાઓમાં નાસભાગ મચી જવા પામી હતી. જોકે પોલીસે ૩૪ને સ્થળ પરથી ઝડપી પાડ્યા હતા. જેમાં ઈમરાન ઉર્ફે બાબુ બિસ્મીલ્લાહખાન પઠાણ (રહે.વાંસીયા તળાવ, લુણાવાડા), ફીરોઝખાન હસનખાન પઠાણ (રહે.પાણપુર, તા.હિંમતનગર), નુરમોહંમદ અબ્દુલભાઈ વોરા(રહે.ખોલવાડ પરબડા,તા.હિંમતનગર), અને શહેરા ભાજપનો નેતા તેમજ પાલિકાનો પુર્વ ઉપપ્રમુખ પ્રદિપ પદવાનીનો સમાવેશ થાય છે.

પંચમહાલ જિલ્લાના મોટા જુગારધામ પર લુણાવાડા ઉપરાંત દાહોદ, છોટાઉદેપુર, વડોદરા જિલ્લો, સાબરકાંઠા, મોડા, અરવલ્લી જિલ્લા ઉપરાંત રાજસ્થાનના ડુંગરપુરથી જુગારીઓ રમવા માટે આવ્યા હોવાનુ જાણવા મળ્યુ છે. ફરાર આરોપીઓમાં જુગારધામનો સંચાલક નાસીબ અબુબક્ર આરબ(રહે.બેડા ફળિયુ, લુણાવાડા), પાર્ટનર અહેમદ હાજી(રહે.કડીયાવાડ ગોધરા), જગ્યાનો માલિક મનહરગીરી સોમગીરી ગોસાઈ(રહે.ચાવડીયા, લુણાવાડા) સહિત ૬૦ શખ્સો ફરાર થઈ ગયા હતા. વીજીલન્સે સ્થળ પરથી રોકડ રૂ.૧.૪૧ લાખ, ૨૫ મોબાઈલ અને વાહનો મળી કુલ રૂ.૩.૪૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી લુણાવાડા પોલીસ સ્ટેશનને આગળની વધુ કાર્યવાહી માટે સોંપવામાં આવ્યા હતા.

# સંતરામપુર તાલુકાની કણજરા પ્રાથમિક શાળાના આચાર્યને શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક અપાયો



સંતરામપુર,

સંતરામપુર તાલુકાની કણજરા પ્રાથમિક શાળાના આચાર્ય ઉમેશભાઈ પૂંવારને જીલ્લા કક્ષાનો શ્રેષ્ઠ HTAT આચાર્ય એવોર્ડ અપાયો. જેમાં રાજ્ય સરકારની શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક યોજના અંતર્ગત સન્માન કરવામાં આવ્યું.

મહીસાગર જીલ્લાનો શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક સમારોહ સંતરામપુર ટાઉનહોલ ખાતે આજે ૫મી સપ્ટેમ્બર શિક્ષક દિનના દિવસે યોજવામાં આવ્યો હતો. જેમાં કણજરા પ્રાથમિક શાળાના આચાર્ય એ શાળામાં ૧૦૦% નામાંકન સ્થાયીકરણ અને ગુણવત્તાલક્ષી શિક્ષણ બાબતે વિવિધ પ્રવૃત્તિઓ અને કાર્યક્મો દ્વારા લોક સંપર્ક કરી ગ્રામ્ય વિસ્તારના બાળકોને શિક્ષણની ભૂખ જગાડી હતી. તેમજ શાળામાં લોક સહકાર દ્વારા તમામ બાળકોને દાતાઓ તરફથી ચોપડો, પેન, પેન્સિલ, નોટબુક, અપાવ્યા હતા ખાનગી શાળામાંથી બાળકોને સરકારી શાળામાં પ્રવેશ અપાવવામાં સફળતા મેળવી હતી. અંતરિયાળ વિસ્તારના બાળકોને ટ્રાન્સપોર્ટેશનની સુવિધા દ્વારા ઘરથી શાળાનું અંતર નજીક બનાવ્યું હતું. આવા કર્મઠ અને સેવાભાવી આચાર્યનું આજરોજ પારિતોષિક આપી સેવાઓને બિરદાવી હતી.

આ પ્રસંગે પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડ, જીલ્લા પ્રમુખ રમીલાબેન ડામોર, શિક્ષણ સમિતિના ચેરમેન બાબુભાઈ પટેલ, જીલ્લા કલેકટર ભાવિનભાઈ પંડ્યા, જીલ્લા વિકાસ અધિકારી સી.એલ. પટેલ, જીલ્લા શિક્ષણ અધિકારી અવની બા મોરી, તમામ જીલ્લા સંઘના પ્રમુખ મહામંત્રી જીલ્લા, તાલુકા સંઘના પ્રમુખ અને મહામંત્રી તેમજ જીલ્લા વહીવટી સ્ટાફ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવી શુભેચ્છા પાઠવી હતી.



આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુરના અંગ્રેજી વિભાગ દ્વારા આણંદ આર્ટસ કોલેજના અંગ્રેજી વિભાગના અધ્યક્ષ ડો.સુરેશ ગઢવીના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. રિફલેકશન ઓફ ઈન્ડિયન કલ્ચર ઈન્ડિયન ફિકશન વિષય અંતર્ગત આયોજીત વ્યાખ્યાનમા અંગ્રેજી વિષયના વિદ્યાર્થીઓ ઉપરાંત કોલેજના આચાર્ય ડો.અભય પરમાર, પ્રા.દેવરાજ નંદા, ડો.માલિની ગૌતમ તથા પ્રા.દિપ્તી ક્રિશ્ચિયન ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદ જીલ્લામાં બે વ્યકિતઓને સોશ્યલ મીડીયાની અશ્લિલ ફોટો મોકલતા ફરિયાદ

દાહોદ,

દાહોદ જીલ્લામાં બે સ્થળોએ કોઈ અજાણ્યા મોબાઈલ નંબરના ધારક દ્વારા બે વ્યક્તિઓને સોશિયલ મીડીયાના માધ્યમથી હેરાન પરેશાન કરી તેમજ મોબાઈલ ફોન પર અશ્લિન ફોટાઓ મોકલતાં આ સંબંધે જેતે પોલીસ મથકે ફરિયાદ નોંધાંવવા પામી છે.

સોશિયલ મીડીયામાં હેરાનગતિનો પ્રથમ બનાવ દાહોદ તાલુકાના ભીલવા ગામે વાણીયા ફળિયા ખાતે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૩મી જુલાઈના રોજ દાહોદ શહેરના દર્પણ સિનેમા રોડ, મારવાડી ચાલ ખાતે રહેતાં ધીરજકુમાર પુનમચંદ ભાટને કોઈ અજાણ્યા ઈસમ દ્વારા તેના ફેસબુક એકાઉન્ટ પર રિકવેસ્ટ મોકલી કોલ સ્કીન રેકોર્ડ કરી હેરાન કરવા બાબતે અલગ અલગ ત્રણ મોબાઈલ નંબરો મોકલી પરેશાન કરતો હતો. આ સંબંધે ધીરજકુમાર પુનમચંદ ભાટ દ્વારા દાહોદ બી. ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બીજો બનાવ ગરબાડા તાલુકાના ભીલવા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૦૩ સપ્ટેમ્બરના રોજ ભીલવા ગામે વાણીયા ફળિયામાં રહેતાં માનસિંગભાઈ કાળુભાઈ ચૌહાણને કોઈ અજાણ્યા ઈસમ દ્વારા તેના મોબાઈલ નંબરથી માનસિંગભાઈને ફોન કરી ગાળો બોલી માનસિંગભાઈના વોટ્સએપ નંબર પર અશ્વિલ વિડીયો તથા ફોટો મોકલી પરેશાન કરતાં આ સંબંધે માનસિંગભાઈ કાળુભાઈ ચૌહાણ દ્વારા ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદના ખંગેલા ગામે મહિલા ઉપર ડાકણના વ્હેમ રાખી સાત ઈસમોએ હુમલો કરી માથામાં ગંભીર ઈજાઓ પહોંચાડી

દાહોદ,

દાહોદ તાલુકાના ખંગેલા ગામે સાત ઈસમોના ટોળાએ એક મહિલા ઉપર ડાકણ હોવાનો ખોટો શક, વહેમ રાખી મહિલાના ઘરમાં મારક હથિયારો સાથે ઘુસી જઈ ત્રણ મહિલા સહિત ચાર વ્યક્તિઓને હથિયારો વડે માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં પોલીસમાં ફરિયાદ નોંધાંયાનું જાણવા મળે છે.

ખંગેલા ગામે વાંદરીયા ફળિયામાં રહેતાં પુનીયાભાઈ જીથરાભાઈ ડામોર, ચુનીયાભાઈ નાનાભાઈ ડામોર, ખીમચંદભાઈ ઝીથરાભાઈ ડામોર, નબાભાઈ નાનાભાઈ ડામોર, મનેશભાઈ ચુનીયાભાઈ ડામોર, જેન્તીભાઈ નબાભાઈ ડામોર અને પરેશભાઈ ખેમચંદભાઈ ડામોર નાઓએ એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી બનાવી પોતાના હાથમાં મારક હથિયારો જેવા કે, કુહાડી, લોખંડનો સળીયો, લાકડી વિગેરે જેવા હથિયારો લઈ પોતાના ગામમાં રહેતાં શાંતાબેન પપ્પુભાઈ ડામોરના ઘરે દોડી આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી શાંતાબેનને કહેલા લાગેલ કે, તું ડાકણ છે, અમારા બકરા ખાઈ ગયેલ છે અને અમારા છોકરાઓને બિમાર કરે છે, તેમ કહી કુહાડી વડે શાંતાબેનને અને તેમના પરિવારના પપ્પુભાઈ, મેસાબેન અને કીયાભાઈને પોતાની સાથે લાવેલ હથિયારો વડે માર મારી શરીરે, હાથે, પગે તેમજ માથાના ભાગે માર મારી ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવ્યું હતું. આ સંબંધે ઈજાગ્રસ્ત શાંતાબેન પપ્પુભાઈ ડામોરે ક્તવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દેગમડા-મહિસાગર બ્રિજ ઉપરથી પ્રેમીપંખીડાની આત્મહત્યામાં યુવતિનો મૃતદેહ બીજા દિવસે મળ્યો

મલેકપુર,

મહિસાગર જિલ્લાના દેગમડા પુલ પરથી નદીમાં યુવક-યુવતિએ છલાંગ લગાવીને જીવનનો અંત આણી લીધો હતો. જેમાં યુવકની લાશ મળી હતી પરંતુ યુવતિની કોઈ ભાળ મળી આવી ન હતી. જેની શોધખોળ શરૂ કરતા તા.૪ના રોજ પરમપુર પાસેથી વિકૃત હાલતમાં યુવતીની લાશ મળી આવી હતી.

દેગમડા પુલ પરથી નદીમાં યુવક-યુવતીએ મોતનો ભુસ્કો મારી જીવનનો અંત આણી લીધો હતો. આ ઘટનાની જાણ થતાં પોલીસ સ્થળ પર દોડી આવી સ્થાનિક તરવૈયાઓની મદદ લીધી હતી. જેમાં બે પૈકી યુવાનની લાશ મળી આવી હતી. પરંતુ યુવતીની લાશ નહિ મળતા તપાસ ચાલુ રાખી હતી. યુવક અરવલ્લીના મેઘરજ તાલુકાનો રહેવાસી હતો અને યુવતી ખાનપુર તાલુકાના ગામની હતી. આ બનાવના દિવસે યુવકનો મૃતદેહ મળ્યો હતો. જયારે યુવતીની શોધખોળ બાદ તા.૪ના રોજ ત્રીજા દિવસે પરમપુર પાસેથી યુવતીની વિકૃત અવસ્થામાં લાશ મળી આવી હતી.



સંતરામપુરમાં પ્રતાપુરા વિસ્તારમાં આવેલા શીતળા સાતમના મંદિરે મોટી સંખ્યામાં મહિલાઓએ આજે પૂજા અર્ચના કરીને શીતળા સાતમ વ્રતની ઉજવણી કરી હતી.

# ઝાલોદ તાલુકામાં વરસાદ ખેંચાતા જગતનો તાત એવો ખેડૂત ચિંતાગ્રસ્ત

ઝાલોદ,

વરસાદના લાંબા વિરામ બાદ ફરી કોઈ પણ જાતનો વરસાદ ન પડતાં પૃથ્વી પરનો તાત (ખેડૂત) ચિંતાગ્રસ્ત જોવા મળી રહેલ છે. ખેડૂત દ્વારા કરેલ મજૂરી વરસાદ ખેંચાતા કરેલ પાકમાં નુકસાન જવાના એંધાણ જોવા મળી રહેલ છે. વરસાદ ન પડતાં ખેડુત વર્ગના લોકો ચિંતાતુર જોવા મળી રહેલ છે. ખેડૂત વર્ગ દ્વારા કરેલ મજૂરી વ્યર્થ જાય તેવું જોવા મળી રહેલ છે. વરસાદ ખેંચાતા હાલ નગરના માછણડેમમા પણ પાણીની સપાટી નીચે જઈ રહી છે. તેમજ જો વરસાદ ન પડે તો નદી, તળાવ ન ભરાય તો આગામી દિવસોમાં પાણીની ગંભીર સમસ્યાઓ સર્જાઈ શકે તેમ છે.

વરસાદ ન પડતાં અસહ્ય ગરમીને લઈ વાતાવરણમાં બફારો પણ જોવા મળી રહ્યો છે. નગરમાં બફારાને લઈ બીમારીઓ પણ વધી શકે છે. હાલ નગરમાં ડેન્ગ્યુ, મેલેરિયા જેવા રોગો ધીરે ધીરે વધી શકે તેવા સ્પષ્ટ એંધાણ જોવા મળી રહેલ છે અમુક લોકો તો ડેન્ગ્યુ અને મલેરિયા જેવી બીમારીયોનો ભોગ પણ બની ચૂકેલ છે. તાત્કાલિક આરોગ્ય શાખા આ પ્રત્યે પૂરતું ધ્યાન આપી જરૂરી પગલાં લે તેવું લોકો ઈચ્છી રહેલ છે.

# સંજેલીના ભામણ ઘાટી રોડ પર ઝાડી-ઝાંખરામાં મેડિકલ વેસ્ટનો નિકાલ

સંજેલી,

સંજેલી તાલુકાના ભામણ ઘાટી રોડ પર જ ઝાડી-ઝાંખરાનો લાભ લઈ મેડિકલ વેસ્ટનો નિકાલ કરાતા ખેડુતોમાં રોષ ફેલાયો છે. સંજેલીથી ઝાલોદ તરફ જવાના મુખ્ય માર્ગ પર ભામણ ઘાટી રોડ નજીક ઉગી નીકળેલા બાવળના ઝાડી-ઝાંખરાના તકનો લાભ લઈ અને મેડિકલ બાયો વેસ્ટના ઈન્જેકશન, દવાની બોટલોનો મોટી માત્રામાં જથ્થો ઠલવાતા ખેડુતો તેમજ અવર જવર કરતા રાહદારીઓ-સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. બાયો મેડિકલ વેસ્ટનો જે તે નિયુકત કરેલ જગ્યાએ જ મોકલવામાં આવતા હોય છે અને પ્રાઈવેટ તેમજ સરકારી હોસ્પિટલો-દવાખાનાઓ તેમજ મેડિકલ દ્વારા આ બોટલો-ઈન્જેકશન અને ગોળીઓ બાયો વેસ્ટને સોંપવાની હોય છે. પરંતુ સંજેલીથી ત્રણ કિ.મી.દુર મુખ્ય માર્ગ પર જ આ ગાડીમાં બાયો મેડિકલ વેસ્ટનો ઈન્જેકશન, બોટલો અને દવાઓનો જથ્થો ઠલવાતા ઢોર-ઢાખર તેમજ જંગલમાં રહેતા જંગલી પ્રાણી અને પશુઓને નુકસાન થાય તેવી ભિતી સેવાઈ રહી છે.

# આપની આજ.......

મેષ : રોજગાર માટે પ્રયત્નો કરનારા લોકો માટે સારા સમાચાર મળશે અને તમારા સામાજિક વર્તુળનો વિકાસ થશે. વિદ્યાર્થીઓ માટે સમય અનુકૂળ બનશે. કોઈ મિલકતની ખરીદી અને વેચાણ સમયે તેના તમામ કાયદાકીય પાસાઓને ગંભીરતાથી ધ્યાનમાં લો.

વૃષભ : આજે વેપારના ક્ષેત્રમાં સાનુકૂળ લાભ મળતા આનંદ થશે. આર્થિક સ્થિતિ વધુ મજબૂત બનશે. ધંધાના વિસ્તરણ માટેની યોજના બનાવશો. સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા અને પારિવારિક જવાબદારીઓ પૂર્ણ થશે.

મિથુન : વિવાહિત જીવન આનંદપ્રદ રહેશે. આજે નજીક અને દૂર પણ સકારાત્મક પ્રવાસ થઈ શકે છે. પારિવારિક બિઝનેસમાં વધતી પ્રગતિના કારણે ખુબ ખુશી થશે.

કર્ક : કાર્યક્ષેત્રમાં કેટલાંક પરિવર્તન આવશે, જેના કારણે તમારા સાથીઓનો મૂડ બગડી શકે છે પરંતુ તે તમારા માટે ફાયદાકારક રહેશે. બપોરે દાનમાં ખર્ચ કરવામાં આવશે.

સિંહ : આજનો દિવસ મિશ્રિત રહેશે. કાર્યસ્થળના કર્મી અથવા કોઈ સંબંધીના કારણે તણાવ વધી શકે છે. પૈસાના વ્યવહારમાં સાવચેત રહો, પૈસા ક્યાંક અટવાઈ શકે છે.

કન્યા : ધંધામાં યોગ્ય સમયે લેવાયેલા નિર્ણયો લાભકારક સાબિત થશે અને અટકેલા કામ પૂરા થશે. વાણી પર નિયંત્રણ રાખવામાં નિષ્ફળતા તમને પ્રતિકૂળ પરિસ્થિતિઓ તરફ દોરી શકે છે.

તુલા : વ્યાવસાયિક સહયોગીઓ તમારી સલાહનો લાભ લેશે અને લાભ મેળવશે. વ્યાવસાયિક યાત્રાઓ લાભકારક રહેશે. પરિવારના સભ્યો સાથેનો સમય આનંદદાયક રહેશે અને બપોર સુધી આનંદના સમાચાર પણ મળશે.

વૃશ્ચિક : આજે કાર્યમાં તમારી ઉતાવળથી તમને લાભ થશે અને તમે સર્જનાત્મક કાર્ય તરફ પણ ઝુકાવશો. શિક્ષણ અને સ્પર્ધા ક્ષેત્રે વિદ્યાર્થીઓ માટે વિશેષ સિદ્ધિઓ પ્રાપ્ત થઈ રહી છે.

ધનુ : પિતા અને ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈપણ સંપત્તિ પ્રાપ્ત કરવાની ઈચ્છા પૂર્ણ થશે. તમારા જીવન સાથીના ટેકાથી તમે તમારા બધા લક્ષ્યો પૂર્ણ કરી શકશો. રાજકીય ધન મળવાની સંભાવના પણ છે.

મકર : રાજકીય ક્ષેત્રે કાર્યરત લોકોને સફળતા મળશે. ઘરના વડીલોના આશીર્વાદ તમને પ્રેરણા આપશે. સ્પર્ધાના ક્ષેત્રે આગળ વધશો અને અટકેલા કાર્ય પણ પૂર્ણ થશે.

કુંભ : બિનજરૂરી વ્યાવસાયિક ખર્ચ પર નિયંત્રણ રાખવાની જરૂર રહેશે. જીવનસાથીના સહયોગથી મુશ્કેલીઓમાંથી મુક્તિ મળશે. સંબંધીઓ તરફથી ખુશી અને પારિવારિક કાર્યમાં ખુશી મળશે.

મીન : સરકારી ક્ષેત્ર સાથે સંકળાયેલા ઉદ્યોગપતિઓને લાભ મળશે અને યોજનાઓને પણ વેગ મેળવશે. ઉતાવળ અને ભાવનાત્મકતામાં કાર્યસ્થળ સંબંધિત કોઈ નિર્ણય ના લો, નહીં તો પછીથી મુશ્કેલી આવી શકે છે. મોટી માત્રામાં અટકેલા પૈસાની પ્રાપ્તિને કારણે ભંડોળમાં વધારો થશે.

## દાહોદ પોલીસે પાલિકા પ્રમુખના પતિની ધરપકડ કર્યા બાદ કોર્ટમાં રજૂ કરતા કોર્ટે પાલિકા પ્રમુખના પતિને જામીનમુક્ત કર્યા

દાહોદ,

દાહોદ નગરપાલિકાના ચીફ ઓફિસરને દાહોદ નગરપાલિકા પ્રમુખ પતિ દ્વારા કરવામાં આવેલ હુમલાના પગલે દાહોદ જીલ્લા સહિત સમગ્ર ગુજરાતની ૧૪૭ નગરપાલિકાના કર્મચારીઓ દ્વારા આ બનાવના વિરોધણાં કામકાજથી અળગા રહી બનાવને સખ્ત શબ્દોમાં વખોડી કાઢ્યો હતો. ત્યારે પોલીસ તંત્ર દ્વારા પાલિકા પ્રમુખના પતિને તાત્કાલિક ધોરણે ઝડપી લીધા હતા. ત્યારબાદ પોલીસે આજે બપોર પછી પાલિકા પ્રમુખના પતિને કોર્ટમાં રજૂ કરતા કોર્ટે તેઓને જામીનમુક્ત કર્યા હતા. આમ, દાહોદ પોલીસની ત્વરિત કામગીરીથી અખિલ ગુજરાત નગરપાલિકા કર્મચારી મહામંડળ દ્વારા માસ સી.એલ.નો કાર્યક્રમ હાલ પુરતો સ્થગિત રાખી કામગીરી માં જોતરાયા હતા. ત્યારે આ બનાવના પડઘા ગાંધીનગર સુધી પહોંચ્યાં હોવાનું પણ કહેવાઈ રહ્યું છે.

દાહોદ નગરપાલિકા પ્રમુખ પતિ ધર્મેન્દ્ર પંચાલ દ્વારા દાહોદ નગરપાલિકાના ચીફ ઓફિસર યશપાલસિંહ વાઘેલાના નિવાસ્થાને ગયાં હતાં. જ્યાં બંન્ને વચ્ચે ઝઘડો તકરાર થતાં પાલિકા પ્રમુખ પતિ ધર્મેન્દ્ર પંચાલ દ્વારા ચીફ ઓફિસર યશપાલસિંહ વાઘેલા સાથે ધોલ ધપાટ કરી નાંખતાં દાહોદ શહેર સહિત જીલ્લાના સરકારી આલમમાં ચકચાર સાથે ખળભળાટ મળી જવા પામ્યો હતો. સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો જ્યાં પણ ભારે ગરમાગરમી જોવા મળી હતી. ત્યારે આ સંબંધે ચીફ ઓફિસર દ્વારા પાલિકા પ્રમુખ પતિ વિરૂધ્ધ ફરિયાદ નોંધાંવી હતી. ત્યારે આ ઘટનાના પ્રત્યાઘાત ગાંધીનગર સુધી પહોંચતાં અને સમગ્ર ગુજરાતભરમાં આ પ્રકરણને પગલે ગુજરાતની ૧૪૭ જેટલી નગરપાલિકાઓ દ્વારા આ બનાવને સખ્ત શબ્દોમાં વખોડી કાઢી હતી અને ૧૪૭ નગરપાલિકાના ૩.૭૯ કર્મચારીઓ કામગીરીથી અળગા રહ્યાં હતાં અને માસ સીએલ પર ઉતરી ચીફ ઓફિસર એશોસીએશન દ્વારા માસ સી.એલ. કાર્યક્રમને સમર્થન જાહેર કરતાં જેને પગલે લોકોને ભારે હાલાકીનો સામનો પણ કરવો પડ્યો હતો, તો બીજી તરફ અખિલ ગુજરાત નગરપાલિકા કર્મચારી મહામંડળ દ્વારા આ મામલે ગાંધીનગર સુધી રજુઆત કરી હતી. ત્યારે પોલીસ ફરિયાદ બાદ તાત્કાલિક ધોરણે એક્શનમાં આવેલ પોલીસે ગઈકાલે રાત્રે પાલિકા પ્રમુખના પતિ પ્રમુખ ધર્મેન્દ્ર પંચાલને ઝડપી પાડ્યો હતો અને આજે બપોર બાદ ધર્મેન્દ્ર પંચાલને કોર્ટ સમક્ષ રજૂ કરતા કોર્ટે તેઓને જમીન મુક્ત કર્યા હતા. ચીફ ઓફિસર જોડે મારામારીના આ બનાવમાં દાહોદ પોલીસ દ્વારા આ ત્વરિત કામગીરી હાથ ધરતા અખિલ ગુજરાત નગરપાલિકા કર્મચારી મહામંડળ દ્વારા આપવામાં આવેલ માસ સી.એલ.નો કાર્યક્રમ હાલ પુરતો સ્થગિત રાખવાનો નિર્ણય કર્યો હતો અને રાબેતા મુજબ કામકાજમાં જોતરાયા હતા.

## દાહોદ ખાતે સાંસદના અધ્યક્ષસ્થાને 'શ્રેષ્ઠ શિક્ષક સન્માન સમારોહ' યોજાયો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

શિક્ષક દિવસ' નિમિત્તે કૃષિ ઈજનેરી પોલીટેકનીક, આણંદ કૃષિ યુનિર્સિટી, મુવાલીયા ફાર્મ હાઉસ દાહોદ ખાતે સાંસદ જશવંતસિંહ ભાભોરના અધ્યક્ષ સ્થાને 'શ્રેષ્ઠ શિક્ષક સન્માન સમારોહ' યોજાયો હતો. આ અવસરે સાંસદ જશવંતસિંહ ભાભોરે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે શિક્ષણ ક્ષેત્રે અનેકવિધ નિર્ણયો લીધા છે જેના પરિણામે આજે શિક્ષણક્ષેત્રે નવતર પ્રયોગો થઈ રહ્યા છે, શિક્ષણનું સ્તર વધ્યું છે. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસ નિમિત્તે 'શિક્ષક દિનની' ઉજવણી કરવામાં આવે છે. શિક્ષકનું સમાજમાં વિશેષ સ્થાન છે કારણ કે વિદ્યાર્થીઓના જીવન ઘડતરમાં શિક્ષકનો અમૂલ્ય ફાળો હોય છે. આજનો દિવસ વિદ્યાર્થીઓએ શિક્ષકો માટે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો દિવસ છે.

શિક્ષક રાષ્ટ્ર નિર્માણમાં પણ વિશેષ યોગદાન આપે છે. કોઈપણ દેશ કે રાજ્યની પ્રગતિ શિક્ષણ વિના ન થઈ શકે. આજે શિક્ષણક્ષેત્રે નવી નીતિઓ ઘડવામાં આવી રહી છે આ શિક્ષણનીતિમાં તમામ પાસાઓને આવરી બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ મળી રહે, તેનો સર્વાંગી વિકાસ થાય તેવા પ્રયાસો કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે. તેમ સાંસદએ જણાવ્યું હતું. શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર શિક્ષકોને શિક્ષક દિને 'શ્રેષ્ઠ શિક્ષક' પારિતોષિક આપી સન્માનિત કરવાનો કાર્યક્રમ યોજવામાં આવે છે. આવા કાર્યક્રમો થકી સન્માનિત શિક્ષક અન્ય માટે પ્રેરણારૂપ બને છે. આ તકે આ તકે સાંસદએ સન્માનિત શિક્ષકોને શુભેચ્છા પાઠવી આગામી સમયમાં જીલ્લાના શિક્ષકો રાજ્ય અને દેશનું નામ રોશન કરે તેવી આશા પણ વ્યક્ત કરી હતી.

આ કાર્યક્રમમાં સાંસદ જશવંતસિંહ ભાભોર તેમજ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે જીલ્લાના કુલ ૧૧ શિક્ષકોને પુરસ્કાર અને સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. શાળામાં વિદ્યાસહાયક તરીકે પાંચ વર્ષ પૂર્ણ કરનાર વિદ્યાસહાયકોને પુરા પગારના હુકમો પણ એનાયત કરવામાં આવ્યા હતા આ ઉપરાંત,જ્ઞાનસેતુ સ્કોલરશીપ તેમજ જ્ઞાનસાધના સ્કોલરશીપ મેળવનાર પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પણ મહાનુભાવોના વરદહસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા.

જીલ્લા શિક્ષણાધિકારી સુરેશ મેડાએ સ્વાગત પ્રવચન અને જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી નીલેશ મુનિયાએ આભાર વિધિ કરી હતી. આ પ્રસંગે. જીલ્લા પંચાયત પ્રમુખ શિતલબેન વાઘેલા, જીલ્લા કલેક્ટર ડો હર્ષિત ગોસાવી જીલ્લા પંચાયતના ઉપપ્રમુખ સરતનભાઈ ચૌહાણ, ઝાલોદના ધારાસભ્ય મહેશભાઈ ભુરીયા, ગરબાડા ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોર, જીલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન પ્રફુલભાઈ ડામોર જીલ્લા પંચાયતના સભ્ય સુધીરભાઈ લાલપુરવાલા, જીલ્લા શિક્ષણાધિકારી પ્રાચાર્ય રાજેશ. મુનિયા, સહિત પદાધિકારીઓ પ્રાથમિક માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક સંઘના પ્રમુખ અને મંત્રી, શિક્ષણ ક્ષેત્રે સંકળાયેલા અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

## દાહોદ તાલુકાના ખરજ ગામે મધ્યપ્રદેશ પરિવહનની બસ પલટી મારી : ૧૫ થી ૨૦ જેટલા મુસાફરો ઈજાગ્રસ્ત



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ તાલુકાના ખરજ ગામે દાહોદ અલીરાજપુર હાઈવે પર દાહોદ થી સીટો ફિક્સ મુસાફરો ભરીને મધ્યપ્રદેશના ભાબરા તરફ જતી મધ્યપ્રદેશ પરિવહનની એસટી બસ તેમજ એક ફોરવીલર ગાડી વચ્ચે ઓવરટેક મામલે સર્જાયેલા માર્ગ અકસ્માતમાં એસટી બસ રોડની સાઈડમાં પલટી મારતા બસમાં મુસાફરી કરી રહેલા ૧૫ થી ૨૦ જેટલા મુસાફરોને ઈજાઓ પહોંચી હોવાનું અહેવાલ પ્રાપ્ત થઈ રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દાહોદ તાલુકાના ખરજ ગામે માર્ગ અકસ્માતનો બનાવ બનવા પામ્યો છે. જેમાં મધ્યપ્રદેશ પરિવહનની MP-11-P-0629 નંબરની દાહોદ બડવાની બસ ક્ષમતા કરતાં વધુ એટલે કે ૮૦ થી વધુ મુસાફરો ખીચોખીચ ભરી દાહોદ બસ સ્ટેશન ખાતેથી રવાના થઈ હતી. અને રસ્તામાં ખરજ નજીક બળીયાદેવ મંદિરની પાસે Gj-13-AR-9824 નંબરની eeco ગાડી સાથે ઓવરટેક કરવા જતા એસટી બસના ચાલકે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા મુસાફરોતી ખીચોખીચ ભરેલી એસટી બસ રોડની સાઈડમાં પલટી મારતા મુસાફરોમાં બુબાબુમ તેમજ ચિસાચીસથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. જોકે તે સમયે ત્યાંથી પસાર થતા વાહન ચાલકો તેમજ આસપાસના ભેગા થયેલા લોકોએ બસમાંથી મુસાફરોને બહાર કાઢવાની વેતરણમાં જોતરાયા હતા. જેમાં ૧૫ થી ૨૦ જેટલા મુસાફરો ઈજાગ્રસ્ત થતા તેઓને સારવાર અર્થે દાહોદના ઝાયડસ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, આ બનાવની જાણ સ્થાનિક પોલીસને થતા સ્થાનિક પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી હતી. અને વધુ તપાસ હાથ ધરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ બનાવમાં સદનસીબે કોઈ જાનહાની બનવા પામી નથી, પરંતુ ક્ષમતા કરતાં વધુ મુસાફરો બેસાડનાર મધ્યપ્રદેશ પરિવહનની બસો શહેરમાંથી બેરોકટોક પસાર થાય છે. તે અંગે જવાબદારો સામે કાર્યવાહી કેમ નથી થતી. એક ચર્ચાનો વિષય બની જવા પામેલ છે.

## ગરબાડાની તાલુકા કન્યાશાળામાં જન્માષ્ટમી મહાપર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

તાલુકા કન્યા શાળા ગરબાડાની બાળાઓ તેમજ સ્ટાફ પરિવાર દ્વારા તારીખ ૬ નારોજ જન્માષ્ટમી મહાપર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત મટકી ફોડનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલ કીના નારાથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું હતું. કન્યાશાળા સિવાય પણ તાલુકામાં અનેક પ્રાથમિક શાળાઓમાં જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જ્યારે તારીખ સાતમીના જન્માષ્ટમીના દિવસે ગરબાડા નગરની મધ્યમાં આવેલ રામજી મંદિર ખાતે જન્માષ્ટમી મહાપર્વની ઉજવણી કરવામાં આવશે. રાત્રિના ૦૮:૦૦ થી ૧૨ ભજન સંધ્યાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મધ્યપ્રદેશના આઝાદ નગર ભાબરાના શિવ શક્તિ ભજન ગ્રુપ દ્વારા ભજનોની રમઝટ બોલાવવામાં આવશે. ત્યારબાદ કૃષ્ણ જન્મોત્સવ ભગવાનની આરતી અને મટકી ફોડનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો છે.

## ઝાલોદ તાલુકાનો ૭૪ મો તાલુકા કક્ષાનો મહોત્સવ રૂપાખેડા ગામે ઉજવવામાં આવ્યો



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

તારીખ ૦૬/૦૯/૨૦૨૩ના ઝાલોદ તાલુકાનો ૭૪મો તાલુકા કક્ષાનો વન મહોત્સવ ૧૩૦–ઝાલોદ વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ ભુરીયાના અધ્યક્ષ સ્થાને કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય રૂપાખેડા ખાતે ઉજવવામાં આવ્યો અને વૃક્ષા રોપણનું આયોજન કરવામાં આવ્યું અને લાભાર્થીઓને સહાયના ચેક વિતરણ કરવામાં આવ્યા. જેમાં ઉપસ્થિત ઝાલોદ વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ ભુરીયા, વરિષ્ઠ આગેવાન મુકેશભાઈ કણોવટ, જીલ્લા પંચાયતના સભ્ય લલીતભાઈ ભુરીયા, સુનિલભાઈ હઠીલા, કૃષ્ણરાજ ભુરીયા, ભારતીય જનતા પાર્ટીના ઝાલોદ તાલુકાના પ્રમુખ મુકેશભાઈ પરમાર, મહામંત્રી કાળુભાઈ નિસરતા, સુરેશભાઈ ભાભોર, ઉપપ્રમુખ અનિતાબેન મછાર, ભાજપા ઝાલોદ તાલુકાના ઉપપ્રમુખ મુકેશભાઈ ખાંગુડા, ચીમનભાઈ વસૈયા, અનિલભાઈ તેમજ જીલ્લાના તેમજ તાલુકાના સંગઠનના હોદ્દેદારોઓ, તાલુકા પંચાયતના સભ્યો ઝાલોદ તાલુકાના સરપંચો, ઉપસરપંચો તેમજ વરિષ્ટ ભાજપા કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.



સંજેલી તાલુકાની તરકડા મહુડી પ્રા. શા. ના બાળકો દ્વારા જન્માષ્ટમી પર્વની ઉજવણી વિવિધ કાર્યક્રમોથી કરાઈ હતી. શાળાના બાળકોએ રાધા-કૃષ્ણ, ગોપીઓ, કૃષ્ણ-સખા ની વેશભૂષા સાથે તેમના પાત્રોનું જીવંત ચિત્રણ રજૂ કર્યું હતું. શાળાના બાળકોએ ભગવાન કૃષ્ણની નટખટ લીલાઓ નાટક દ્વારા રજૂ કરી હતી. શાળાના બાળકો દ્વારા સુંદર કૃષ્ણ-ગીત નૃત્ય સાથે રજૂ કરી ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. બાળકો દ્વારા મટકીફોડનું પણ આબેહૂબ નિદર્શન કરાયું હતું. શાળા શિક્ષક રાકેશભાઈ દ્વારા કૃષ્ણના જીવન ઉદેશ્યો વિશે બાળકોને માહિતી આપવામાં આવી હતી.

## લીમખેડાથી SOG પોલીસે બાઈક ચાલક પાસેથી ૧.૯૩૦ ગ્રામ ગાંજો ઝડપ્યો

દાહોદ,

દાહોદ જીલ્લાના લીમખેડા નગર માંથી દાહોદ એલ.ઓ.જી. પોલીસે એક મોટરસાઈકલના ચાલકને ઝડપી પાડ્યો. તેની પાસેથી પાસ પરમીટ વગરનો વનસ્પતિજન્ય ભેજ યુક્ત ૧.૯૩૦ કિલો ગ્રામ વજનનો ગાંજો કિંમત રૂ. ૧૯,૩૦૦નો ઝડપી પાડી મોટરસાઈલ વિગેરે મળી પોલીસે કુલ રૂ. ૩૧,૩૦૦ નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યાનું જાણવા મળે છે.

ગત તા.૦૫ સપ્ટેમ્બરના રોજ લીમખેડા તાલુકાના બારતા ગામે નવુ ફળિયું વિસ્તારમાં રહેતો દિનેશભાઈ પર્વતભાઈ બારીયા પોતાના કબજાની મોટરસાઈકલ લઈ લીમખેડા નગરમાંથી પસાર થઈ રહ્યો હતો. આ દરમ્યાન દાહોદ એસ.ઓ.જી. પોલીસને મળેલ બાતમીના આધારે પોલીસ લીમખેડા નગરમાં વોચ ગોઠવી ઉભી હતી. તે સમયે ત્યાંથી દિનેશભાઈ મોટરસાઈકલ લઈ પસાર થતાં પોલીસે તેને ઝડપી પાડ્યો હતો અને તેની પાસેથી પાસ પરમીટ વગરનો વનસ્પતિજન્ય ભેજ યુક્ત ૧.૯૩૦ કિલો ગ્રામ વજનનો ગાંજો કિંમત રૂ. ૧૯,૩૦૦નો ઝડપી પાડી મોટરસાઈલ વિગેરે મળી પોલીસે કુલ રૂ. ૩૧,૩૦૦ નો મુદ્દામાલ પોલીસે કબજે કરી ઉપરોક્ત ઈસમ વિરૂધ્ધ દાહોદ એસ.ઓ.જી. પોલીસે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સંજેલીના પુષ્પ સાગર તળાવને આવણો પહોળો કરવા રજુઆત



દાહોદ,

દાહોદ જીલ્લાના સંજેલી નગરમાં આવેલ પુષ્પ સાગર તળાવનો આવણો સાંકડો કરતાં આ વિસ્તારમાં આવેલ ગોવિંદતળાઈની કૃષ્ણકુંજ પાર્ક સોસાયટીમાં ચોમાસાની ઋતુમાં આ તળાવનું પાણી સોસાયટીમાં આવવાની શક્યતાની સાથે પાણી ભરાયતો ગંદકી, મચ્છરો તેમજ મકાનને નુકસાન થાય તેમ હોવાથી સોસાયટીના રહીશો દ્વારા આ મામલે સંજેલી મામલતદારને લેખિત રજુઆત કરી આ તળાવનો આવણો પહોળો કરવા રજુઆત કરવામાં આવી છે.

સંજેલી નગરના ગોવિંદતળાની કૃષ્ણકુંજ સોસાયટીમાં રહેતાં રહીશો દ્વારા સંજેલી મામલતદારને આપવામાં આવેલ આવેદનપત્રમાં જણાવ્યાં અનુસાર, સંજેલી તથા ગોવિંદતળાઈ ગામ વચ્ચે વર્ષો જુનું પુષ્પ સાગર તળાવ આવેલ છે. જેના આવણમાં આવતાં પાણીના નિકાલ માટે બંન્ને ગામની હદ વચ્ચે થઈને આશરે ૨૦થી ૨૫ ફુટ જેટલો પહોળો આવણો પસાર થતો હતો. જે હાલમાં સંજેલી ગામની હદમાં આવણાને અડીને નવિન સોસાયટીની રચના કરાવનાર મણીલાલ કચરાભાઈ ડબગર દ્વારા આવણાની જગ્યા પર બિન અધિકૃત રીતે પુરાણ કરી અંદાજે ત્રણ ફુટ જેટલું સાંકડું નાળુ નાંખી આવણાને આવણાને સાંકડો કરી દીધેલ હોવાના આક્ષેપો સોસાયટીના રહીશો દ્વારા કરવામાં આવેલ છે. આ ઉપરાંત તેની સાથે સોસાયટીના રસ્તા સાથે નવિન સોસાયટીના રસ્તા પણ બિન અધિકૃત રીતે જોડવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ હોવાના આક્ષેપો સોસાયટીના રહીશો દ્વારા કરવામાં આવેલ છે. આ તળાવના પાણીથી અવિરત ફ્લો થતાં આ પાણઈનો નિકાલ આવેલ આવણા મારફતે થાય છે પરંતુ આ ઈસમો દ્વારા આવણાને સાંકડો કરતાં તળાવનું પાણી સીધુ સોસાયટીમાં ભરાવવાની સંભાવના છે, તેમજ સોસાયટીના તમામ મકાનોને નુકસાન થાય તેવી શક્યતા છે. આ આવણાને સાંકડો કરવાની કામગીરી ચાલુ થઈ તે દરમ્યાન સંજેલી ગ્રામ પંચાયત અને ગોવિંદતળાની ગ્રામ પંચાયતના સરપંચોને જાણ કરવા છતાંય કામગીરી હાલ ચાલુ હોવાનું સોસાયટીના રહીશોએ જણાવ્યું હતું. તળાવનું પાણી સોસાયટીમાં ભરાવવાને કારણે ગંદકી, મચ્છર જન્ય રોગો સહિત અનેક મુશ્કેલીનો સામનો કરવો પડે હોવાનું સોસાયટીના રહીશો દ્વારા જણાવ્યું હતું. ત્યારે આ મામલે સંજેલીના મામલતદાર સમક્ષ કૃષ્ણકુંજ પાર્ક સોસાયટીના રહીશો દ્વારા રજુઆત કરી કાર્યવાહી કરવા જણાવ્યું હતું.

## દાહોદ જીલ્લામાં ત્રણ અલગ અલગ સ્થળે પોલીસે રેઈડ કરી ૧.૩૮ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જીલ્લામાં પોલીસે ત્રણ અલગ અલગ જગ્યાએ પ્રોહી રેડ કરતાં કુલ રૂા. ૧,૩૮,૩૩૬ ના પ્રોહી જથ્થા સાથે ત્રણ મોટરસાઈકલો કબજે કરી જ્યારે ત્રણેય બનાવોમાં પોલીસને ચકમો આપી મોટરસાઈકલના ચાલકો ફરાર થઈ ગયાંનું જાણવા મળે છે.

પ્રોહીનો પ્રથમ બનાવ ઝાલોદ તાલુકાના ટીંબી ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૦૫મી સપ્ટેમ્બરના રોજ ચાકલીયા પોલીસને મળેલ બાતમીના આધારે ટીંબી ગામે ગુંદી કાચા રસ્તા પર નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતા. તે સમયે બાતમીમાં દર્શાવેલ એક મોટરસાઈકલ ત્યાંથી પસાર થતાં મોટરસાઈકલના ચાલકે દુરથી પોલીસને જોઈ લેતાં પોતાના કબજાની મોટરસાઈકલ સ્થળ પર મુકી નાસી ગયો હતો. પોલીસે મોટરસાઈકલ કબજે કરી મોટરસાઈકલ પર મુકી રાખેલ વિદેશી દારૂ તથા બીયરની કુલ બોટલો નંગ. ૨૭,૪૫૬ નો પ્રોહી જથ્થો કબજે કરી મોટરસાઈકલના ચાલક ભાવસીંગભાઈ તેરસીંગભાઈ અમલીયાર (રહે.ચાકલીયા, ટીંબી, તા.ઝાલોદ, જી.દાહોદ)ની વિરૂધ્ધ ચાકલીયા પોલીસે પ્રોહીબીશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રોહીબીનો બીજો બનાવ ધાનપુર તાલુકાના ઉઘલ મહુડા ગામે બનવા પામ્યો હતો જેમાં ગત તા.૦૫ સપ્ટેમ્બરના રોજ પોલીસને મળેલ બાતમીના આધારે ઉઘલ મહુડા ગામે જંગલના વિસ્તારમાં પગદંડી વાટના રસ્તે પોલીસ વોચ ગોઠવી ઉભી હતી તે સમયે ત્યાંથી એક મોટરસાઈકલ પર સવાર ત્રણ જેટલા અજાણ્યા ઈસમોએ પોલીસને દુરથી જોઈ જોઈ લેતાં પોતાના કબજાની મોટરસાઈકલ સ્થળ પર મુકી ત્રણેય જણા નાસી ગયાં હતાં. પોલીસે મોટરસાઈકલનો કબજો લઈ મોટરસાઈકલ પાસેથી વિદેશી દારૂની કુલ બોટલો નંગ. ૪૮૦ કિંમત રૂ. ૫૨,૮૦૦ નો પ્રોહી જથ્થો કબજે કરી મોટરસાઈકલ પર સવાર ત્રણ અજાણ્યા ઈસમો વિરૂધ્ધ ધાનપુર પોલીસે પ્રોહીબીશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રોહીબીશનનો ત્રીજો બનાવ ધાનપુર તાલુકાના ગડવેલ ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૦૫મી સપ્ટેમ્બરના રોજ ધાનપુર પોલીસને મળેલ બાતમીના આધારે ગડવેલ ગામે નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતા. તે સમયે ત્યાંથી એક મોટરસાઈકલનો ચાલક ત્યાંથી પસાર થતાં પોલીસને દુરથી જોઈ લેતાં મોટરસાઈકલનો ચાલક સ્થળ પર મોટરસાઈકલ મુકી નાસી ગયો હતો. પોલીસે મોટરસાઈકલનો કબજો લઈ મોટરસાઈકલ પાસેથી વિદેશી દારૂ બીયરની કુલ બોટલો નંગ. ૪૮૦ કિંમત રૂા. ૫૮,૦૮૦ ના પ્રોહી જથ્થા સાથે મોટરસાઈકલના ચાલક ઈશ્વરભાઈ જગરીયાભાઈ કીરાડ (રહે. મધ્યપ્રદેશ) નાની વિરૂધ્ધ ધાનપુર પોલીસે પ્રોહીબીશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



તા.૦૬-૦૯-૨૦૨૩ હાટ બજાર દાહોદ ખાતે પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત ૨૦૨૫ અભિયાન અંતર્ગત ટીબી રોગ વિશે પત્રિકા દ્વારા પ્રચાર પ્રસાર કરવામા આવ્યો હતો.

## દાહોદ શહેરમાં એક મહિના બાદ મેઘરાજાએ મહેરબાન થતાં ગરમી માંથી છુટકારો

દાહોદ,

દાહોદ શહેરમાં એક મહિનાથી વધુ લાંબા સમય બાદ આજરોજ દાહોદ શહેરમાં મેઘરાજા મહેરબાન થતાં બપોરના ત્રણ વાગ્યાના આસપાસ વરસાદ વરસતા દાહોદ શહેરમાં વરસાદી પાણી છવાઈ ગયાં હતાં. છેલ્લા એક મહિનાથી વધુ સમયથી દાહોદ સહિત જીલ્લાવાસીઓ ગરમી તેમજ બફારાથી હેરાન પરેશાન થઈ ગયાં હતાં. વરસાદ ન પડતાં ખેડુત મિત્રોમાં ચિંતાના વાદળો છવાઈ ગયાં હતાં. ખેડુતો દ્વારા વરસાદ પડે તે માટે અનેક ટોટકાઓ પણ કરવામાં આવ્યાં હતાં. મેઘરાજાએ લાંબા સમય સુધી વિરામ લેતાં ખેડુતોના પાકને પણ નુકસાન થયું હોવાનું કહેવાય છે ત્યારે દાહોદ શહેરમાં આજરોજ બપોર બાદ મેઘરાજાએ ધમાકેદાર પુનઃ એન્ટ્રી કરતાં અસહ્ય ગરમી તેમજ બફારાથી લોકોને રાહત મળી હતી તો બીજી તરફ મેઘરાજાની પધરામણીથી ખેડુત મિત્રોમાં પણ આનંદની લાગણી જોવા મળી હતી. દાહોદ શહેરમાં વરસાદ પડતાં શહેરના મુખ્ય માર્ગો જેવા કે, સ્ટેશન રોડ, ચોદગાર ચોક સહિત અન્ય જાહેર માર્ગો પર વરસાદી પાણી ફરી વળ્યાં હતાં.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.15

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


# ગોધરા પશ્ચિમ વિસ્તારમાં સફાઈ સહિતની પ્રાથમિક સુવિધા પુરી પાડવા માનવ અધિકાર આયોગનો આદેશ

**- પશ્ચિમ વિસ્તારમાં સફાઈ કરી ફોટો ૧૫ દિવસમાં રજુ કરવા સુચન.**
**- પશ્ચિમ વિસ્તારના સમસ્યા માટે સોહેલ બોકડાની પીટીશન સંદર્ભે માનવ અધિકાર આયોગ આદેશ આપ્યા.**

ગોધરા,

ગોધરા શહેર પાલિકાના પશ્ચિમ વિસ્તારમાં પ્રાથમિક સુવિધા પુરી ન પાડવા તેમજ અમન સોસાયટીમાં રોડ ન બનાવવા મુદ્દે અરજદાર દ્વારા માનવ અધિકાર ભંગ થતો હોય જેને લઈ ગુજરાત માનવ અધિકારી આયોગમાં પીટીશન કરેલ હતી. જેમાં સુનાવણી દરમિયાન ૬ માસમાં કામો પુરા કરવા આદેશ કરાયો.

ગોધરા પશ્ચિમ વિસ્તારમાં પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવામાં પાલિકા તંત્ર નિષ્ફળ રહેતા અરજદાર સોહેલ બોકડા દ્વારા માનવ અધિકાર ભંગ અંગે ગુજરાત માનવ અધિકાર આયોગમાં પીટીશન કરેલ હતી. જેમાં પશ્ચિમ વિસ્તારની પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવા તેમજ અમન સોસાયટી રોડ બનાવવા ઉલ્લેખ કરાયો હતો. પીટીશન સંદર્ભે માનવ અધિકાર આયોગ ગોધરા નગર પાલિકા અને પ્રાદેશિક કમિશ્નર વડોદરા પાસે વિગતવાર અહેવાલ માંગવામાં આવ્યો હતો. નગર પાલિકા અને પ્રાદેશિક કમિશ્નર દ્વારા રજુ કરાયેલ અહેવાલ સંતોષકારક ન હોય જેથી ગાંધીનગર ખાતે રૂબરૂ હાજર રહી સુનાવણીનો આદેશ કર્યો હતો. જેમાં સુનાવણીમાં હાજર નહિ રહેતા સમન્સ પાઠવીને ફરજીયાત હાજર રહેવા હુકમ કરાયો હતો અને પાલિકાના વોર્ડ -૧૦ અમન સોસાયટીમાં બાકી કરેલ વિસ્તારમાં ભુર્ગભ ગટર કામગીરી ૬ માસમાં પૂર્ણ કરવા તેમજ ત્યારબાદ રોડ બનાવવા ગોધરા પાલિકાને માનવ અધિકાર આયોગને આદેશ કરવામાં તેમજ કામગીરી પુરી થતાં અહેવાલ રજુ કરવા સુચન કરાયું. માનવ અધિકાર આયોગમાં અરજદાર દ્વારા પશ્ચિમ વિસ્તારમાં ગંદકીના ફોટો આયોગ સમક્ષ રજુ કરીને ડોર ટુ ડોર કચરા કલેકશન તેમજ સફાઈ નિયમીત ન થતી હોવાની રજુઆત મુદ્દે ચીફ ઓફિસરને પશ્ચિમ વિસ્તારમાં સફાઈ કરાવી ફોટો ૧૫ દિવસમાં રજુ કરવા આદેશ કરાયો. આયોગ દ્વારા પાલિકા ચીફ ઓફિસરને પશ્ચિમ વિસ્તારની ગંદકી સફાઈ ભુર્ગભ ગટરના તુટેલા ઢાંકણ જેવા મુદ્દે ઝાટકણી કાઢવામાં આવી હતી.

# વેજલપુર ગામમાં આતંક મચાવતા કપીરાજને પકડવા માટે વન વિભાગે પાંજરા ગોઠવવા છતાં પકડામાં નિષ્ફળ

વેજલપુર,

કાલોલ તાલુકાના વેજલપુર ગામે છેલ્લા એક મહિના થી એક કપિરાજે આખા ગામમાં આતંક મચાવીને લોકોમાં ભયનો માહોલ પેદા કરી દીધો છે અને સવથી પહેલા નાના મોહલ્લામાં પોતાના ઘર આગનમાં રમતી એક નાનકડી બાળકી ઉપર આતંક બનેલ કપીરાજે અચાનક હુમલો કરીને પગના ભાગે ભયંકર બચકા ભર્યા હતા અને ગંભીર રીતે ઘાયલ કરી દીધી હતી અને ઘાયલ બાળકીને ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડી હતી. પરંતુ આ બાળકીને ગંભીર ઈજાઓ પોહચતાં આ બાળકીને વધુ સારવાર માટે વડોદરા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી અને ત્યારબાદ આ કપીરાજે બીજા બે થી ત્રણ ઈસમો ઉપર પણ હુમલો કરી ઈજાઓ પહોચાડી હતી. ત્યારે વેજલપુર ગામમાં આતંક મચાવનાર કપીરાજને પકડવા માટે ફોરેસ્ટ વન વિભાગની ટીમ વેજલપુર ખાતે આવી હતી. વન વિભાગની ટીમ દ્વારા કપીરાજને પકડવા માટે અનેક



તસ્વીર : નુર બાલા, વેજલપુર

પ્રયાસો કર્યા હતા તેમ છતાં આતંકી બનેલ કપિરાજ પાંજરે પુરાયો ન હતો અને કપિરાજ પાંજરામાં મુકેલો ખોરાક ખાવા માટે પાંજરે આવ્યો તો ખરો પણ પાંજરામાં મુકેલો ખોરાક આરોગીને ભાગી છૂટ્યો હતો. ત્યાર પછી ફોરેસ્ટ વિભાગની ટીમએ આ કપીરાજને પકડવા માટે રસ લીધો ન હતો અને આમ માત્ર દેખાવ પૂરતી કામગીરી બતાવા માટે એકજ દિવસ કપીરાજને પકડવા માટે પાંજરૂ મૂકીને સંતોષ માણયો હતો. ત્યારે તારીખ-૫/૯/૨૩ ના રોજ આ કપીરાજે ફરીથી એક વ્યક્તિ ઉપર મેંન બજારમાં ભરચક વિસ્તારમાં ઓટલા ઉપર બેઠેલ હતો. તે દરમિયાન આ કપીરાજે અચાનક આવીને બેઠેલ વ્યક્તિના પગ ઉપર હુમલો કરી ગંભીર રીતે ઘાયલ કર્યો હતો અને આમ ગંભીર રીતે ગવાયેલ વ્યક્તિને નજીકના દવાખાને લઈ જઈ તાત્કાલિક સારવાર કરાવી હતી, પણ આ કપીરાજે એટલા ભયંકર બચકા ભર્યા હતા કે વધુ સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો અને ત્યાર બાદ વધુ સારવાર માટે વડોદરા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હોવાનું પણ જાણવા મળ્યું હતું અને આમ આખા ગામમાં આંતક મચાવનાર કપીરાજને પકડવામાં વન વિભાગ સદંતર નિષ્ફળ ગયેલ હોય અને ત્યાર બાદ વન વિભાગની ટીમ દ્વારા આજ રોજ ફરીથી આ આતંકી બનેલ કપીરાજને પકડવા માટે પાંજરૂ મૂકી પકડવા માટેના પ્રયત્નો કરવામાં આવ્યા હતા. જેથી ફરીથી આ આંતક મચાવનાર કપીરાજ પાંજરામાં મુકેલ ફળો આરોગી ભાગી છૂટ્યો હતો. જેથી વન વિભાગની ટીમ આતંકી બનેલ કપિરાજને પકડવામાં નિષ્ફળ ગયા હતા. જેથી વેહલી તકે આંતકી બનેલ કપિરાજને પકડવામાં આવે જેથી ફરી કોઈ નિર્દોષ વ્યક્તિ ઉપર હુમલાઓ ન થાય અને નિર્દોષ લોકો હુમલાઓથી બચી શકે અને ગ્રામજનો રાહતનો શ્વાસ લઈ શકે તેવી લોક માંગ ઉઠી છે.

# વર્ષો પછી ફરી પંચમહાલ જીલ્લાની ઉત્સવ પ્રેમી પ્રજા વિશાળ મેદાનમાં ભવ્ય પરંપરાગત ગરબે ઘૂમશે

ગોધરા,

શ્રાવણ મહિનો શરૂ થતા જ તહેવારોની ભરમાર શરૂ થઈ ગઈ છે, ત્યારે પંચમહાલ જીલ્લામાં ગોધરા ખાતે એક તરફ ગણેશ આગમન શરૂ થઈ ચૂક્યું છે. ત્યારે બીજી તરફ નવરાત્રીની પણ તડામાર તૈયારીઓ જોવા મળી રહી છે.

પંચમહાલ જીલ્લામાં અનેક ઉત્સવોનું આયોજન થાય છે. ત્યારે વર્ષ ૨૦૨૩ થી ટીમ વાઈબ્રન્ટ પંચમહાલ દ્વારા પંચમહાલ જીલ્લાના ગોધરા શહેર ખાતે આવેલા શેઠ પી.ટી.આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ પાસે આવેલા ઉત્સવ મંદિરના પ્રાંગણમાં પંચમહાલ કક્ષાના વિશાળ પારંપરિક ગરબા "નવદુર્ગા નવરાત્રી મહોત્સવ ૨૦૨૩"નું ભવ્ય આયોજન થવા જઈ રહ્યું છે.



ત્યારે આજરોજ ટીમ વાઈબ્રન્ટ પંચમહાલ દ્વારા ગરબા ગ્રાઉન્ડનું વિધિવત ભૂમિ પૂજન કરીને નવરાત્રીની તૈયારીઓના ગણેશ કરવામાં આવ્યા હતા. ગરબાના આયોજક ટીમ વાઈબ્રન્ટ પંચમહાલના સંસ્થાપક શિવમ વિપુલ પુરોહિત તથા ડો. પ્રિયંકા દીક્ષિત મનહાસ, જીતેશ સોની, આર્ષ પુરોહિત, નિરવ પરમાર તેમજ ભારતીય જનતા યુવા મોરચાના ગુજરાત પ્રદેશ મહામંત્રી ઈશાંત સોની, ભારતીય જનતા પાર્ટીના પંચમહાલ જીલ્લા ઉપપ્રમુખ કકુલ પાઠક, નાથજી જ્વેલર્સના ડિરેક્ટર યશ શેઠ-તૃપ્તિ શેઠ, આઈએમએ પંચમહાલના સદસ્ય ડો. નિકિતા શાહ, સામાજીક કાર્યકર કિરણ સિકલીગર તેમજ લાયન્સ હોતચંદ ધમવાણી સહિત અનેક યુવાનો તેમજ માર્ગદર્શકો એ મળીને આજરોજ નવરાત્રીના ભવ્ય ઉત્સવ ની તૈયારી નો શુભારંભ કર્યો છે.

તેમજ આવનારા સમયમાં માંની આરાધનાના આ ભવ્ય ઉત્સવમાં સહભાગી થવા માટે વધુ ટીમોની રચના-વ્યૂહરચના નક્કી કરવામાં આવશે. તેમજ સોશિયલ મીડિયા તથા અન્ય માધ્યમો થકી "નવદુર્ગા નવરાત્રી મહોત્સવ ૨૦૨૩"ના નિયમો તેમજ અન્ય વિગતો જાહેર કરવામાં આવશે.

# શહેરા સહિત જીલ્લામાં શીતળા સાતમની ભાવભેર ઉજવણી કરાઈ



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા સહિત જીલ્લાભરમાં શીતળા સાતમની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી. નગર અને તાલુકામાં આવેલ મંદિરોમા માટી માથી બનાવેલ શીતળા માતાની પ્રતિમાની મહિલાઓએ પૂજા અર્ચના કરી હતી. સવારથી જ મંદિર ખાતે મહિલાઓની ભીડ પૂજા અર્ચન કરવા માટે જોવા મળી રહી હતી.

શહેરા સહિત જીલ્લાભરમાં શીતળા સાતમની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી. નગરના અંધારી ભાગોળમા આવેલ મહાલક્ષ્મી માતાજીના મંદિર, સિંધી ચોકડી વિસ્તારમાં આવેલ વેધનાથ મહાદેવ અને કેદારેશ્વર મહાદેવ સહિત અન્ય મંદિરોમાં માટીમાંથી બનાવેલ શીતળા માતાની પ્રતિમાની પૂજા અર્ચના કરવા માટે સવારથી મહિલાઓની ભીડ જોવા મળી રહી હતી. મહિલાઓએ બ્રાહ્મણોના વૈદિક મંત્રોચ્ચાર સાથે શીતળા માતાની પૂજા-અર્ચન કરી ધન્યતા અનુભવી હતી. શીતળા સાતમના દિવસે ટાઢું ખાવાનો મહિમા હોવાથી રાંધણ છઠના દિવસે ગૃહિણીઓએ બીજા દિવસ સુધી સારૂ રહે તેવી વાનગીઓ જીવીકે થેપલા, વડુ, પુરી, ભજીયા, દૂધ ખીર, રોટલી સહિતની અનેક વાનગીઓ બનાવી હતી. તે વાનગીઓ શીતળા સાતમના દિવસે પંથકના પ્રત્યેક ઘરોમા લોકો એ ઠંડુ ભોજન જમ્યા હતા. તાલુકા સહિત જીલ્લાભરમાં શ્રદ્ધાપૂર્વક શીતળા સાતમની ઉજવણી કરવામાં આવી હતી.

# પાવાગઢ માંચી વિસ્તારમાં પંચાયત હસ્તકની જમીન પરના ૨૮ દબાણકર્તાઓને નોટિસ

હાલોલ,

યાત્રાધામ પાવાગઢ માંચી હવેલી વિસ્તારમાં જિલ્લા પંચાયત હસ્તકની જમીન પર ચા-નાસ્તની દુકાનો સહિત નાનો-મોટો ધંધો કરતા ૨૮ દબાણકારોને સ્થાનિક પંચાયતના તલાટીએ તાત્કાલિક ધોરણે દિ-૨માં દબાણ સ્વખર્ચે દુર કરવા અંગે નોટિસ આપતા નાનો-મોટો ધંધો કરી પેટિયુ રળતા પરિવારોમાં શોક ફેલાયો છે.

જિલ્લા વહીવટી તંત્રના માર્ગદર્શન મુજબ તાલુકા પંચાયતના સ્ટાફને સાથે રાખી સ્થાનિક તલાટીના સહી-સિક્કા સાથેની નોટિસ ફટકારવામાં આવતા માંથી હવેલી વિસ્તારના દુકાનદારોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. પાવાગઢ ગ્રામ પંચાયતના તલાટી અને સ્ટાફ માંચી ખાતે પહોંચી ૨૮ દબાણકર્તાઓને નોટિસો પાઠવી હતી. જેમાં તમે જિલ્લા ગ્રામ પંચાયતની જમીન પર દબાણ કરી કોમર્શીયલ બાંધકામ કરી વાણિજ્ય રીતે ઉપયોગ કરતા હોય દિ-૨માં તમારા સ્વખર્ચે દબાણો દુર કરી દેવા જમીન ગ્રામ પંચાયતને સોંપી દેવી નહિ તો ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૧૦૫ મુજબ અંતર્ગત કાર્યવાહી કરવામાં આવશેનુ નોટિસમાં જણાવ્યુ છે. પાવાગઢ મંદિર પ્રવાસન અને સરકાર દ્વારા કરવામાં આવેલ વિકાસના કામોને લઈ પાવાગઢની કાયાપલટ થઈ ગઈ છે. રોજબરોજ હજારોની સંખ્યામાં યાત્રાળુઓની આવક જાવક છે. ત્યારે સરકાર અને જિલ્લા પ્રશાસન પાવાગઢ આવતા યાત્રાળુઓને સૌપ્રથમ પ્રાથમિક સુવિધાઓમાં કોઈ તકલીફ ન પડે તેવા પ્રયાસો કરાઈ રહ્યા છે. સાથે યાત્રાળુઓની સંખ્યામાં વધારો થતાં માંચી ખાતે વાહન પાર્કિંગ સહિત ટ્રાફિકની સમસ્યા વધુ વિકટ ન બને તે માટે તંત્ર દ્વારા સરકારી જમીનો પર કરાયેલા દબાણો દુર કરી વધુ સારી વ્યવસ્થા કરવામાં આવશે.

# પંચમહાલ જીલ્લાના કાલોલ અને ઘોઘંબા તાલુકાના ખેડૂતો માટે પ્રાકૃતિક કૃષિ તાલીમનું આયોજન કરાયું

ગોધરા,

રાજ્યભરમાં પ્રાકૃતિક ખેતી અંગે વ્યાપક અભિયાન ચાલી રહ્યું છે. ત્યારે આજે અનેક લોકો પ્રાકૃતિક ખેતીની પેદાશો અપનાવી રહ્યા છે. સમયની માંગ મુજબ પ્રાકૃતિક ખેત પેદાશો મળી રહે તથા જળ, જમીન અને પૈસાનો યોગ્ય ઉપયોગ થાય તે હેતુથી આજરોજ પંચમહાલ જીલ્લામાં પ્રાકૃતિક ખેતીની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.



ગોધરા સ્થિત ખેડૂત તાલીમ કેન્દ્ર ખાતે પંચમહાલ જીલ્લાના કાલોલ અને ઘોઘંબા તાલુકાના અંદાજીત ૧૮૦ જેટલા ખેડૂતોએ હાજર રહીને પ્રાકૃતિક ખેતીનું માર્ગદર્શન મેળવ્યું હતું. જીલ્લાના પ્રાકૃતિક ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂત સોલંકી અજબ રામસિંહ મુકામ નેસડા દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવાથી જમીન અને જીવન સુધારવા માટેના ફાયદા તથા પ્રકૃતિનું રક્ષણ થાય અને પ્રાકૃતિક ખેતીનો વ્યાપ અને વિસ્તાર વધે તે હેતુથી ખેડૂતોને ખૂબ ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. તેઓએ ખેડૂતો સમક્ષ છેલ્લા ૧૦ વર્ષમાં પ્રાકૃતિક ખેતીમાં કરેલા અનુભવો રજૂ કર્યા હતા.

આ સાથે પંચમહાલ આત્માના સ્ટાફ દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના મૂળભૂત પાંચ સિદ્ધાંતો અપનાવીને પ્રાકૃતિક ખેતીથી ખેતીમાં ખર્ચ ઘટાડી નફાકારક કઈ રીતે બનાવી શકાય તે વિષય પર વિસ્તૃત ચર્ચા કરાઈ હતી. મકાઈ સંશોધન કેન્દ્રના ડોક્ટર કનુભાઈ પટેલ દ્વારા મકાઈના નવા સંશોધિત બિયારણો તથા તેમના ઉત્પાદન અને માવજત વિશે ખેડૂતોને માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન ખેડૂત મિત્રોએ પણ પ્રાકૃતિક ખેતીમાં રસ દાખવી પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરવાની ખાતરી આપી અને વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતીથી માહિતગાર થાય તેવા પ્રયત્નો પણ કરવા માટે બાહેંધરી આપી હતી.

# મોરવા(હ)તાલુકાના ખાબડાના હત્યાના આરોપીને આજીવન કેદની સજા ફટકારતી કોર્ટ

ગોધરા,

એપ્રિલ-૨૦૨૧માં લક્ષ્મણભાઈ ભયકાભાઈ પટેલે સંગીતાબેન સાથે બીજુ લગ્ન કરવાનુ કહેતા અમરાભાઈએ ના પાડી હતી. સંગીતાનુ લગ્ન મોજરી ગામે લેવાનુ નક્કી કરતા અદાવત રાખી લક્ષ્મણ પટેલ ફરિયાદીના પિતાના ઘરે જઈ જાનથી મારી નાંખવાના ઈરાદે માથામાં પાઈપ મારીને જીવલેણ હુમલો કરીને નાસી ગયો હતો. ઈજાગ્રસ્ત અમરાભાઈનુ સારવાર દરમિયાન મોત થતાં મોરવા(હ)પોલીસ મથકે લક્ષ્મણભાઈ સામે હત્યાનો ગુનો નોંધાયો હતો. પોલીસે હત્યાના આરોપી લક્ષ્મણને દે.બારીઆના ભુતિયા ગામેથી પકડી પાડ્યો હતો. આ ફરિયાદનો કેસ પંચમહાલ જિલ્લાની કોર્ટમાં ચાલી જતા રેકર્ડ પરના પુરાવા અને સરકારી વકીલ રાકેશ એસ.ઠાકોરની દલીલોને ગ્રાહ્ય રાખીને કોર્ટે હત્યાના આરોપીને આજીવન કેદની સજા અને ૩૦ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો હતો.

# શહેરા તાલુકાના પાદરડીના યુવકને સાસરી પક્ષના લોકો મારવા દોડતા કુવામાં પડી મોતને વ્હાલું કર્યું

શહેરા,

શહેરા તાલુકાના પાદરડી ગામના બામણીયા ફળિયામાં ૧૯ વર્ષીય યુવકને તેના સાસરી પક્ષના લોકો લાકડી લઈને માર મારવા દોડતા પાણી ભરેલ કુવામાં કૂદી જઈને મોત વ્હાલું કરેલ હતું. બનેલા બનાવને લઈને પોલીસ તંત્ર સહિત શહેરા અને ગોધરા નગર પાલિકાની ફાયર બ્રિગેડની ટીમ સ્થળ પર પહોંચીને કૂવા માંથી યુવકની લાશ બહાર કાઢી હતી. જોકે, પોલીસે મરણ ગયેલ યુવકના સાસરી પક્ષના ૪ વ્યક્તિઓ સામે ૩૦૬, ૩૨૩ સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો.

શહેરા તાલુકાના પાદરડી ગામના બામણીયા ફળિયામાં ૧૯ વર્ષીય રાહુલ બામણીયાના લગ્ન તાલુકાના ભેંસાલ ગામ ખાતે થયા હતા. જોકે પતિ-પત્ની વચ્ચે કોઈ કારણસર ઝઘડો થયા બાદ પત્ની રિસાઈને તેના પિયર જતી રહી હતી. મંગળવારના રોજ રાહુલના સાસરી પક્ષના દલપત ગુલાબભાઈ પટેલ, સવિતાબેન દલપતભાઈ પટેલ, પ્રકાશ દલપતભાઈ પટેલ અને કલ્પેશ ભીખાભાઈ ભરવાડ રાહુલના ઘરે આવ્યા હતા અને ગંદી ગાળો બોલીને ઝઘડો કરીને રાહુલ અને તેના પરીવારજનોને માર મારવા લાગ્યા હતા. રાહુલના સાસરી પક્ષના લોકો તેને



મારવા માટે લાકડી લઈને પાછળ દોડતા તે સમયે રાહુલ કુવામાં કૂદકો મારી દેતા તે ઊંડા પાણીમાં ડૂબવા માંડ્યો હતો. જોકે, આ બનેલા બનાવ બાદ યુવકના પરીવારજનો દ્વારા બનાવની જાણ પોલીસને તેમજ ૧૦૮ ને કરવામાં આવી હતી. જેને લઈને શહેરા અને ગોધરાની નગર પાલિકાની ફાયર બિગેડની ટીમ સહિત પોલીસ પણ સ્થળ પર આવી પહોંચી હતી. બામણીયા પરિવારમાં બનેલી આ દુઃખદ ઘટનામાં ૧૯ વર્ષીય રાહુલનું કૂવાના પાણીમાં ડૂબી જવાથી મોત નિપજ્યું હતું. મરણ ગયેલ યુવાનની લાશને ફાયર બ્રિગેડની ટીમએ કૂવામાંથી બહાર કાઢીને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવી હતી. જ્યારે પોલીસ મથક ખાતે ચંદ્રિકાબેન પટેલ એ રાહુલના સાસરી પક્ષના ચાર વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ૩૦૬, ૩૨૩સહિત વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને વધુ તપાસના ચક્રોગતિમાન કર્યા હતા.

# ગોધરા તાલુકાના ગોલી ગામે જુગાર રમતા પાંચ જુગારીયાઓને પોલીસે ઝડપ્યા

ગોધરા,

ગોધરા તાલુકાના ગોલી ગામે ખુલ્લામાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતા સ્થળે પોલીસે રેઈડ કરી ૧૧,૭૯૦/- રૂપીયાના મુદ્દામાલ સાથે પાંચ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના ગોલી ગામે ખુલ્લામાં સ્ટ્રીટ લાઈટના અજવાળે કિટલાક ઈસમો જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન પંકજ અમરાભાઈ ગઢવી, પ્રવિણ કાનાભાઈ ગઢવી, વિક્રમ હિંમતભાઈ પરમાર, કાંતિભાઈ રમણભાઈ રાવળ, નિલેશ વિક્રમભાઈ પરમારને ઝડપી પાડયા હતા. ઝડપાયેલ ઈસમોની અંગઝડતી અને દાવ ઉપર મુકેલ કુલ ૧૭૯૦/- રૂપીયાના મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીની પાવર લિફ્ટિંગ સ્પર્ધામાં કોમર્સ કોલેજ ગોધરાનો વિજય

ગોધરા,

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીની ઈન્ટર કોલેજ વેઈટ લિફ્ટિંગ સ્પર્ધામાં ૭૪ સલ કેટેગરીમાં સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરાનો વિદ્યાર્થી આદિલ મો. ઈકબાલ મફત પ્રથમ ક્રમે આવતા કોલેજ સંચાલક મંડળના પ્રમુખ ગોપાલસિંહજી સોલંકી, સેક્રેટરી અને જીલ્લા પંચાયતના પ્રમુખ, સંસ્થાના આચાર્ય ડો.અરૂણસિંહ સોલંકી તથા સ્પોર્ટ્સ ઈન્ચાર્જ ડો. વીણા સહિત સમગ્ર કોલેજ પરિવારે આદિલને અભિનંદન પાઠવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ઈન્ટર કોલેજ સ્પર્ધા બાલાસિનોરની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે યોજાઈ હતી. જેમાં કોમર્સ કોલેજ ગોધરાએ ઉત્કૃષ્ટ દેખાવ કરી આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ કરતાં સૌથી વધારે વજન ઊંચકી કોલેજ માટે એક રેકોર્ડ સ્થાપિત કર્યો છે.

# શહેરાના મોર ઉડારા ગામે હેન્ડ પંપની મોટર અને ખેતરમાં પાણી મુકવાની અદાવતે કુહાડી મારી ઈજાઓ પહોંચાડતા ફરિયાદ

શહેરા,

શહેરા તાલુકાના મોર ઉડારા ગામે હેન્ડ પંપની મોટર તથા ખેતરમાં પાણી મુકવાની અદાવત રાખી આરોપીઓએ ગાળો આપી કુહાડી મારી ગંભીર ઈજાઓ પહોંચાડતા ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરા તાલુકાના મોર ઉડારા ગામે રહેતા ફુલાભાઈ દાનાભાઈ બારીયાના ઘરે આરોપીઓ સંજય રમણભાઈ બારીયા, ગંગાબેન રમણભાઈ બારીયા આવીને અગાઉ હેન્ડપંપની મોટર તથા ખેતરમાં પાણી મુકવાની અદાવત રાખી ફરિયાદીને ગાળો આપી મારી નાખવાની ધમકી આપી આરોપી સંજયભાઈ બારીયાએ કુહાડી મારી ગંભીર ઈજાઓ પહોંચાડી ગુન્હો કરતાં આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ.

# ઝકરિયા ઉર્દૂ પ્રાથમિક શાળામાં શિક્ષક દિનની ભવ્ય ઉજવણી



ગોધરા,

શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઔર નિર્માણ ઉસ્કી ગોદમેં પલતે હૈ. આ ઉક્તિને સાર્થક કરવા આજ રોજ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં તાઃ ૫મી સપ્ટેમ્બર ૨૦૨૩ ના રોજ ઝકરીયા ઉર્દૂ પ્રાથમિક શાળામાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ધોરણ ૧થી ૮ના ૧૦૪૦ બાળકો પૈકી લગભગ ૯૬ બાળકોએ એક દિવસીય શિક્ષક તરીકે શૈક્ષણિક કાર્ય કર્યું. શાળાના એક દિવસીય આચાર્ય તરીકે ભાઈજમાલ જુવેરીયા અને હઠીલા આલીયાએ ખુબજ ખંત અને નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી હતી. શાળા પરિવારના સહ્યારા પ્રયાસથી આજનો આ કાર્યક્રમ સફળ રહ્યો હતો. જે બદલ આચાર્ય સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

# કાલોલ તાલુકાના બાકરોલ ગામે નદીની ઘસ પાસે જુગાર રમતા બે જુગારીયાને ઝડપ્યા

કાલોલ,

કાલોલ તાલુકાના બાકરોલ ગામે ગોમા નદીની ઘસમાં જાહેરમાં જુગાર રમતા સ્થળે પોલીસે રેઈડ કરી બે જુગારીયાને પોલીસે ઝડપ્યા. પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના બાકરોલ ગામે ગોમા નદીની ઘસમાં જાહેરમાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી ઈશ્વર ઉર્ફે ભેમો પરમાર, અર્જુન સાભસિંહ ગોહિલને ઝડપી પાડયા હતા. ઝડપાયેલ ઈસમોની અંગઝડતી અને દાવ ઉપર મુકેલ કુલ ૨૩૯૦/-રૂપીયાના મુદ્દામાલ કબ્જે લઈ આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.